**આજનો સુવિચાર**

બીજાને નાના સમજવું સહેલું છે, પણ પોતાને નાના સમજવું ઘણું જ અઘરું છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૩૮ જૂનાગઢ તા.૨૦-૦૯-૨૦૨૪ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 238, Junagadh : Date : 20 September, 2024, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


### આતંકવાદી પન્નુની હત્યાનાં કથિત ષડયંત્રમાં

# અમેરીકાની અદાલતે ડોભાલ સહિત વરીષ્ઠ અધિકારીઓ સામે સમન્સ જારી કર્યુ : ભારતનો વિરોધ



## અમેરીકાની અદાલતે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ, રો'નાં ભૂતપૂર્વ વડા સામંત ગોયલ, રોનાં એજન્ટ વિક્રમ યાદવ, ઉદ્યોગપતિ નિખીલ ગુપ્તાને ૨૧ દિવસમાં સમન્સનો જવાબ આપવા કહયું

નવી દિલ્હી તા. ૨૦

ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુની હત્યાના કાવતરાના મામલામાં અમેરિકાની એક અદાલતે ભારત સરકારને સમન્સ પાઠવ્યું છે. ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ, પૂર્વ RAW ચીફ સામંત ગોયલ, RAW એજન્ટ વિક્રમ યાદવ અને ઉદ્યોગપતિ નિખિલ ગુપ્તાનાં નામ પણ આ સમન્સમાં સામેલ છે.

અમેરિકાની કોર્ટે આ સમન્સનો ૨૧ દિવસમાં જવાબ આપવા કહ્યું છે. પન્નુએ તેની હત્યાના ષડયંત્રને લઈને અમેરિકાની જિલ્લા કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. ગયા વર્ષે અમેરિકાએ આરોપ લગાવ્યો હતો કે પન્નુ પર ન્યૂયોર્કમાં ઘાતક હુમલો કરવાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું. આમાં ભારતનો હાથ હતો. આ ષડયંત્રને નિષ્ફળ બનાવ્યું હતું.

સમન્સના જવાબમાં વિદેશ મંત્રાલયે ગુરુવારે પત્રકાર પરિષદ યોજી કહ્યું હતું કે આ સમન્સ સંપૂર્ણપણે ખોટું છે. વિદેશ સચિવ વિક્રમ મિસ્ત્રીએ કહ્યું હતું કે જ્યારે આ મામલો અમારા ધ્યાન પર આવ્યો તો અમે કાર્યવાહી કરી. આ મામલે ઉચ્ચ સ્તરીય સમિતિની પણ રચના કરવામાં આવી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકાની મુલાકાતે જઈ રહ્યા છે તે સમયે ન્યુયોર્કની એક અદાલતે ખાલિસ્તાની નેતા ગુરૂપતવંતસિંહ પન્નુની હત્યાના પ્રયાસના એક ષડયંત્રમાં એક ભારતીયની ધરપકડ કર્યા બાદ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ ભારતની વિદેશી જાસુસી એજન્સી 'રો'ના વડા સામંત ગોયલ અને અન્ય અધિકારીઓને પાઠવેલા સમન્સ ભારતે ફગાવી દીધા છે અને અમેરિકા સમક્ષ તેનો વિરોધ નોંધાયો છે. વિદેશ મંત્રાલયના પ્રવકતા વિક્રીમ મિસરીએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે આ સમન્સ સ્વીકાર્ય નથી અને ભારત તેનો અમલ કરશે નહીં સુત્રોના જણાવ્યા મુજબ અજીત ડોભાલ વડાપ્રધાન મોદી સાથે તા. ૨૧ થી ૨૩ અમેરિકાની મુલાકાતે જઈ રહ્યા છે અને કવાડ બેઠકમાં પણ હાજરી આપશે જેમાં અમેરિકાના પ્રમુખ જો બાઈડન પણ ઉપસ્થિત રહેનાર છે.

તે સમયે આ પ્રકારનું સમન્સ એ ભારત માટે મોટી સંકોચભરી સ્થિતિ બની રહી છે. અમેરિકામાં પન્નુની હત્યાના ષડયંત્રમાં એક ભારતીયની ધરપકડ થઈ છે તે સંદર્ભમાં આ સમન્સ ઈસ્યુ કરાયા છે. આ અંગે અમેરિકી ન્યુયોર્ક ડિસ્ટ્રીકટ કોર્ટમાં હાજર રહેવા જણાવાયું છે. આ કહેવાતા ષડયંત્ર શામેલ ભારતીય વ્યાપારી નીખીલ ગુપ્તા હાલ અમેરિકી જેલમાં છે.

અમેરિકી અદાલતે આ અંગે ૨૧ દિવસમાં જવાબ રજૂ કરવા જણાવ્યું છે. ગુપ્તા ઉપર પન્નુની હત્યા માટે શુટરને ભાડે રાખવાનો આરોપ છે. પન્નુએ અમેરિકા અને કેનેડા બંનેના નાગરિક છે અને ભારત વિરોધી અને ખાલિસ્તાની તરફી પ્રવૃતિ માટે જાણીતો છે. જોકે ભારતે જણાવ્યું કે પન્નુએ ભારત દ્વારા જાહેર કરાયેલો ત્રાસવાદી છે અને તે ભારત વિરોધી પ્રવૃતિ વિરોધી માટે જાણીતો છે. ગત નવેમ્બર માસમાં અમેરિકાના આ આરોપ બાદ ભારતે ઉચ્ચસ્તરીય કમીટી મારફત અમેરિકી આરોપમાં તપાસ ની જાહેરાત કરી હતી.

## તહેવારો પૂર્વે જ મોંઘવારી ફાટી નીકળી : આવશ્યક ચીજોનાં ભાવો વધ્યા

નવી દિલ્હી, તા.૨૦

હજુ તહેવારોની શરૂઆત થઈ નથી ત્યાં જરૂરી વસ્તુઓના ભાવમાં ૧૨ ટકા જેવો વધારો થયો છે. જેના કારણે તહેવારોની ખરીદી કરવામાં સામાન્ય માણસે તેનું ખિસ્સુ વધુ ઢીલુ કરવુ પડશે. ગ્રાહક મામલાનાં મંત્રાલયના આંકડા મુજબ ખાદ્યતેલોનાં ભાવ ૮ ટકા સુધી વધ્યા છે. ૧૫ સપ્ટેમ્બરે સોયાતેલની કિંમત ૧૧૮ રૂપિયા હતી જે ૧૯ સપ્ટેમ્બરે ૮ ટકા વધીને ૧૨૬ રૂપિયા થઈ ગઈ હતી. તહેવારોનો સમય શરૂ થતા પહેલાં જ આમ આદમીને ઝટકા લાગવા શરૂ થઈ ગયા છે.છેલ્લા ચાર દિવસોમાં જરૂરી વસ્તુઓ ખાસ કરીને તેલની કિંમતોમાં જબરજસ્ત ઉછાળો આવ્યો છે. ૧૫ સપ્ટેમ્બરથી લઈને અત્યાર સુધીમાં તેની કિંમતમાં ૧૨ ટકા વધારો થયો છે.

# તિરૂપતિ મંદીરનાં લાડુમાં પ્રાણીજ ચરબી, ફીશ ઓઈલ હોવાનો રીપોર્ટ ગુજરાતની લેબોરેટરીએ આપ્યો

અમરાવતી તા. ૨૦

તિરુપતિ મંદિરના લાડુ પ્રસાદમની પવિત્રતા અને શુદ્ધતા મામલે વિવાદ અત્યંત ગંભીર બની ગયો છે. આંધ્રપ્રદેશની તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી)એ ફરી દાવો કર્યો છે કે ફેટી ઘી સિવાય લાડુમાં ગૌમાંસ, પિગ ફેટ અને ફિશ ઓઈલની પુષ્ટિ થઈ છે.

ટીડીપી પ્રવક્તા અનમ વેંકટ રમના રેડ્ડીએ ગુરુવાર, ૧૯ સપ્ટેમ્બરના રોજ એક પ્રેસ કોન્ફરન્સમાં લેબ રિપોર્ટ જાહેર કર્યો. તેમણે માહિતી આપી હતી કે નમૂના ૯ જુલાઈ, ૨૦૨૪ના રોજ ગુજરાતની લાઈવસ્ટોક લેબોરેટરી, NDDB (નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ) CALF લિમિટેડ (સેન્ટર ફોર એનાલિસિસ એન્ડ લર્નિંગ ઈન લાઈવસ્ટોક એન્ડ ફૂડ)ને મોકલવામાં આવ્યા હતા. ૧૬ જુલાઈના રોજ લેબ રિપોર્ટ મળ્યો હતો. ત્યારથી આ અહેવાલ પબ્લિક ડોમેનમાં છે, પરંતુ તેની સત્તાવાર પુષ્ટિ થઈ નથી. રિપોર્ટમાં ન તો જારી કરનાર સંસ્થાનું નામ અને ન તો તે સ્થળનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે જ્યાં સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું. દરમ્યાનમાં વાયએસઆર કોંગ્રેસે તિરૂપતિ મંદિરનાં પ્રસાદનાં લાડુમાં મીલાવટ કરવામાં આવી હોવાનાં આરોપો ફગાવી દીધા છે અને આ મામલે હાઈકોર્ટનાં દ્વાર ખખડાવી હાઈકોર્ટની નીગરાની હેઠળ તપાસની માંગણી કરી છે. તેમજ સીબીઆઈ તપાસની પણ માંગણી કરવામાં આવી છે. આંધ્રપ્રદેશનાં મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુએ કહયું કે, મંદિરનાં લાડુ બનાવવાનો કોન્ટ્રાકટ રાખનાર ઠેકેદારે પ્રસાદમાં મીલાવટ કરી હતી અને આ મીલાવટ જગનમોહન રેડ્ડી સરકારે કરાવી હતી. આ મામલે હવે રાજકારણ ગરમાય ગયું છે. એટલું જ નહી તિરૂમાલા મંદિરનાં કરોડો ભકતોમાં ભારે રોષની લાગણી વ્યાપી ગઈ છે.

## પ્રસાદમાં મીલાવટનાં મામલે તિરૂપતિનાં કરોડો ભકતોમાં ભારે રોષ : હાઈકોર્ટનાં નીગરાની હેઠળ સમગ્ર તપાસની માંગ : વાયએસઆર કોંગ્રેસે પ્રસાદમાં મીલાવટનાં આક્ષેપો બેબુનિયાદ ગણાવી હાઈકોર્ટનાં દ્વાર ખખડાવ્યા

# શેરબજારમાં આગઝરતી તેજી : સેન્સેકસમાં ૧૨૦૦ પોઈન્ટનો ઉછાળો

મુંબઈ તા. ૨૦

અમેરીકી ફેડ રીઝર્વ દ્વારા વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવતા સમગ્ર વિશ્વનાં શેરબજારોમાં તેની પોઝીટીવ અસર થઈ રહી છે. આજે પણ મુંબઈ શેરબજારમાં સતત બીજા દિવસે તોફાની તેજી રહી છે અને સેન્સેકસ ૧૨૦૦ પોઈન્ટનાં ઉછાળા સાથે ૮૪,૪૬૪ નાં આંક પર ટ્રેડ કરી રહયો છે. જે તેની અત્યારસુધીની ઓલટાઈમ હાઈ સપાટી છે. ૮૧ શેર ૫૨ સપ્તાહની ટોચે NSE પર કુલ ૨,૫૨૬ શેરોમાંથી ૧,૭૭૧ શેરમાં તોફાની વધારો જોવા મળ્યો છે. જ્યારે ૬૯૦ શેર ઘટાડા સાથે ટ્રેડ થઈ રહ્યા હતા. જ્યારે ૬૫ શેર અનચેન્જ રહ્યા હતા. ૮૧ શેર ૫૨ સપ્તાહના ઉચ્ચ સ્તરે ટ્રેડ થઈ રહ્યા હતા. જ્યારે ૨૪ શેર ૫૨ સપ્તાહની સૌથી નીચી સપાટીએ પહોંચી ગયા છે. ૬૫માં અપર સર્કિટ અને ૩૬માં લોઅર સર્કિટ જોવા મળી રહી છે.

મેટલ સેક્ટરમાં સૌથી વધુ ૧.૫૪%નો વધારો NSEના સેક્ટરલ ઈન્ડેક્સ વિશે વાત કરીએ તો મેટલ સેક્ટરમાં સૌથી વધુ ૧.૫૪% ગ્રોથ છે. તે જ સમયે, રિયલ્ટી સેક્ટરમાં ૧.૧૦%, PSU બેંકમાં ૦.૭૩%, ઓઈલ એન્ડ ગેસમાં ૦.૪૯%, ઓટોમાં ૦.૪૫% અને FMCGમાં ૦.૩૩%નો વધારો જોવા મળી રહ્યો છે. જ્યારે નિફ્ટી કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૩૮% ડાઉન છે. એશિયન માર્કેટમાં આજે તેજી છે.

## માનવતા શર્મશાર : બિહારનાં બેગુસરાયમાં ૮૦ વર્ષની વૃધ્ધા પર ગેંગરેપ

પટના,તા. ૨૦: બિહાર બેગુસરાયમાં અત્યંત શરમજનક ઘટના બહાર આવી છે, જ્યાં કેટલાક લોકોએ ૮૦ વર્ષની વૃધ્ધ પર સામૂહિક બળાત્કાર કર્યો હતો. ઘટનાની માહિતી મળતાની સાથે જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને ઈજાગ્રસ્ત પીડિતાને સારવાર માટે બેગુસરાય સદર હોસ્પીટલમાં દાખલ કરી હતી, જ્યાં વૃદ્ધ મહિલાની સારવાર ચાલી રહી છે. આ બનાવથી સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી છે. પરિવારજનો આરોપીઓની ધરપકડની માંગ કરી રહ્યા છે. પીડિતાના પરિવારે જણાવ્યું હતું કે ૮૦ વર્ષની મહિલા ઝૂંપડામાં એકલી રહેતી હતી. વિશ્વકર્મા પૂજાની રાત્રે અજાણ્યા બદમાશોએ પીડિતા પર હુમલો કર્યો અને બળાત્કાર ગુજાર્યો હતો.તે જ સમયે, આ ઘટનાના સંબંધમાં, બેગુસરાય એસપી ઓફિસ તરફથી એક પ્રેસ રિલીઝ જાહેર કરવામાં આવી હતી.

# હિઝબુલ્લાહની ધમકીને પગલે ઈઝરાયેલે લેબનોનમાં રાતભર બોંબ વર્ષા કરી

બૈરૂત તા. ૨૦ : ઈઝરાયેલના વિસ્ફોટોથી લેબનોનમાં ખળભળાટ મચી ગયો છે. પેજર અને વોકી-ટોકીઝ, સોલાર પેનલ્સ, લેપટોપ અને રેડિયો સહિતના વિવિધ ઈલેકટ્રોનિક ઉપકરણોના વિસ્ફોટથી માત્ર લેબનોનમાં જ નહીં પરંતુ સમગ્ર મધ્ય પૂર્વમાં તણાવ વધી ગયો છે. આ દરમિયાન ઈઝરાયેલના યુદ્ધ વિમાનોએ ફરી એકવાર લેબેનોનમાં આતંક મચાવ્યો છે. ઈઝરાયલે હમાસ બાદ હિઝબુલ્લાહને નેસ્તનાબુદ કરવાના સોગંદ ખાધા છે. અને રાતભર બોંબ વરસાવ્યા હતા. લેબનોનમાં થયેલા પ્રચંડ વિસ્ફોટો બાદ હિઝબુલ્લાના ચીફ હસન નસરાલ્લાહે પોતાના સંબોધનમાં ઈઝરાયેલની કાર્યવાહીને યુદ્ધની ઘોષણા ગણાવી હતી. પરંતુ જે સમયે રાષ્ટ્રને સંબોધિત કરી રહ્યા હતા તે સમયે ઈઝરાયેલ લેબનોન પર રોકેટ ફાયર કરી રહ્યું હતું. ઈઝરાયલી દળો IDFએ દક્ષિણ લેબનોનમાં હિઝબુલાહના સ્થાનોને નિશાન બનાવ્યા અને સેંકડો રોકેટ લોન્ચર બેરલનો નાશ કર્યો. હિઝબુલ્લાહ આ રોકેટ લોન્ચર્સનો ઉપયોગ ઈઝરાયેલના વિસ્તારમાં વિસ્ફોટો માટે કરવા જઈ રહ્યો હતો. ઈઝરાયેલની સેનાનું કહેવું છે કે અમારા ફાઈટર પ્લેન્સે ૧૦૦ રોકેટ લોન્ચર પર હુમલો કર્યો અને દરેક ૧,૦૦૦ બેરલ સાથે સંપૂર્ણ નાશ કર્યો. લેબનોન પર વારંવાર થતા હુમલાની જવાબદારી હજુ સુધી ઈઝરાયલે લીધી નથી. લેબનોનમાં પેજર અને વોકી ટોકીઝમાં થયેલા વિસ્ફોટ અને ઉપથી વધુ લોકોના મોત બાદ મધ્ય પૂર્વમાં તણાવ વધુ વધી ગયો છે. ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના યુદ્ધને કારણે પહેલાથી જ તણાવ હતો, હવે લેબનોનમાં બનેલી ઘટનાઓએ આ તણાવ અનેકગણો વધારી દીધો છે. આ જ કારણ છે કે પરિસ્થિતિને જોતા, પ્રદેશની ઘણી એરલાઈન્સે તેમની ઘણી ફલાઈટ્સ રદ કરી છે જેથી કરીને કોઈપણ અપ્રિય પરિસ્થિતિને ટાળી શકાય.


**મકાન વેચવાનું છે**
ત્રણ માળનું, કાટખુણાનું,
નીચે ત્રણ દુકાન અને ગોડાઉન
અનંત ધર્માલયની સામે,
માંગનાથ રોડ, જૂનાગઢ
દલાલભાઈ આવકાર્ય
સંપર્ક : ૯૪૨૮૪ ૪૧૪૨૭

ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક
**NIT® ટેકનીકલ કોલેજ**
સર્ટીફીકેટ કોર્ષ
● ૧૦૦% પ્રેકટીકલ
● સરળ ભાષામાં થિયરી
● હોસ્ટેલ સુવિધા
● બસસ્ટેન્ડથી તદ્દન નજીક
● રેલ્વે સ્ટેશનથી નજીક
● ફ્રી ડેમો ટ્રાયલ
⇨ કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
⇨ કિપેડ વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
⇨ LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
⇨ ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો
Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com

**હાર્દિક શુભેચ્છા.....**
દારૂ છોડાવો... દારૂ છોડાવો... દારૂ છોડાવો... દારૂ છોડાવો...
દારૂ છોડાવવો એ સાવ સહેલું અને સસ્તુ છે.
૩૪% આત્મહત્યા, ૫૦% અકસ્માતો, ૭૦% ખુન, ૪૧% મારામારી, ૫૦% બળાત્કાર અને ૪૫૫% ડુબવાના કિસ્સામાં દારૂ જવાબદાર હોય છે.
વિશ્વ આરોગ્ય સંસ્થા ના પ્રમાણે દારૂથી કેન્સર, લીવર સીરોસીસ, માનસિક બિમારીઓ જેવા ૨૦૦ થી પણ વધારે રોગો થાય છે.
હવે દારૂ, તેના વ્યસનીને ખબર વગર સાવ સહેલાઈથી છોડાવી શકાય છે.
ત્યારે કોઈને આ નર્કમાંથી બહાર કાઢવા આંગળી ચીંધવી એ પણ મોટું પુણ્યનું કામ છે.
ડૉ. દીપક પી. ભલાણી
M.B.B.S., FCGP
Advance Course in Diabetes & BP From AKN Sinha Institute of IMA
આદિત્ય નિદાન કેન્દ્ર
દારૂ છોડાવો... દારૂ છોડાવો... દારૂ છોડાવો... દારૂ છોડાવો...

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
● મરચું
● હળદર
● ધાણાજીરૂ
● ગરમ મસાલો

**ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા**
**જોષી દાદા**
મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭
૯૪૨૮૦ ૨૬૯૬૮
**નક્ષત્ર – જ્યોતિષ**
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮,
તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

**સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે**
અમારી સ્પેશ્યલ જુની મોરો
સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ
લઈ અને ખાત્રી કરો
તમે જ કહેશો કે વાહ ભઈ વાહ
મોરો સોપારી કટીંગ
૧ કિલોના ફકત રૂા.૬૦૦
આ રીટેઈલ માટે છે
નહી આવો તો જરૂર અફસોસ
જૂનાગઢ
મો. ૯૩૭૬૬૦ ૫૫૬૨

● હરકયુલિસ સાયકલ ● કોરાડો સાયકલ
● હીરો સાયકલ ● બ્રિટીશ ઈગલ સાયકલ
● બીએસએ સાયકલ ● ફન રાઈડ ટ્રાસીકલ
● વિકટર ૯૧ સાયકલ ● દાસ સાયકલ
● હિલી સાયકલ
તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ
**ગેલેક્સી**
ઓટો એન્ડ સાયકલ એજન્સી
માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત)
મો.૯૯૦૪૦ ૩૪૨૦૮

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધીરાણ સહકારી મંડળીની છત્રીસમી સાધારણ સભા અને નિવૃત સભાસદોનો સન્માન સમારોહ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨૦ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધીરાણ સહકારી મંડળીની છત્રીસમી સાધારણ સભા અને નિવૃત સભાસદોનો સન્માન સમારોહ કુલપતિ ડો. કમલસિંહ ડોડિયા અને નાગરિક બેંકના પૂર્વ અધ્યક્ષ નલિનભાઈ વસાની ઉપસ્થિતિમાં યોજાયો હતો. સંપ, સેવા અને સહકારની ભાવનાથી ચાલતી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધીરાણ સહકારી મંડળી છત્રીસ વર્ષથી અવિરત કાર્ય કરી રહી છે. આ મંડળીની છત્રીસમી વાર્ષિક સાધારણસભા ગુજરાતી ભવનના સેમીનાર હોલમાં મળી હતી. છત્રીસમી સાધારણ સભાની સાથોસાથ નિવૃત્ત અધ્યાપકોનો અભિવાદન સમારોહ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના માનનીય કુલપતિ ડો. કમલસિંહ ડોડિયાના અધ્યક્ષ સ્થાને અને રાજકોટ નાગરિક સહકારી બેંકનાના પૂર્વ ચેરમેન, નલિનભાઈ વસાની મુખ્ય અતિથિ તરીકેની ઉપસ્થિતીમાં યોજાયો. આ કાર્યક્રમમાં, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળી દ્વારા તાજેતરમાં નિવૃત થયેલા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અધ્યાપકો પૈકીના પ્રો. સમીર વૈદ્ય, પૂર્વ અધ્યક્ષ ગણિત શાસ્ત્ર ભવન, અને પ્રો.હિતેન્દ્ર જોશી અધ્યક્ષ રસાયણ શાસ્ત્ર ભવનનું ગરિમાપૂર્ણ અભિવાદન કરવામાં આવ્યું હતું અને સાથે સાથે નવા જોડાયેલા ૧૨ અધ્યાપકોનું પણ સ્વાગત કરવામાં આવ્યું હતું. નવનિયુકત અધ્યાપકોને આ સહકારી સંસ્થાની કાર્યપ્રણાલીથી માહિતગાર કરવામાં આવ્યા હતા. શાબ્દિક સ્વાગત કરતા મંડળીના પ્રમુખ પ્રો. જયદીપસિંહ ડોડીયાએ જણાવ્યુ હતું કે સંપ, સેવા અને સહકાર ના મંત્રાને અમારી સહકારી મંડળી સંપૂર્ણ રીતે ચરિતાર્થ કરે છે. મુખ્ય મહેમાન નલિનભાઈ વસાએ પોતાનાં પ્રાસંગિક ઉદબોધનમાં સહકારિતા અને આધ્યાત્મિકતા વિષે પોતાના વિચારો રજુ કરી સૌને માર્ગદર્શન આપ્યું હતું. તેઓએ જણાવ્યું કે સહકાર અને આધ્યાત્મિકતા મળતા આવે છે. જેમ આધ્યાત્મિકતા માં લોક સેવા હોય છે એવું જ કાર્ય સહકારી સંસ્થા કરતી હોય છે. શૈક્ષણિક સહકારી મંડળીનું સૂત્ર સંપ, સેવા અને સહકાર ખરેખર આધ્યાત્મિક શબ્દો છે. આ મંડળી વિશેષ પ્રગતિ કરે અને વધુ ને વધુ લોકસેવા કરે એવી મને આશા અને અપેક્ષા છે.

સમારોહના અધ્યક્ષ સ્થાનેથી બોલતા કુલપતિ ડો. કમલ સિંહ ડોડીયા એ જણાવ્યું હતું કે "યુનિવર્સિટીમાં કાર્યરત આ સહકારી મંડળીનો લાભ અનેક અધ્યાપકોએ લીધો છે. આ મંડળી પોતાના સૂત્રને સાર્થક કરે છે. અધ્યાપકોને પણ એક પ્રકારની માનસિક શાંતિ છે કે આ સહકારી મંડળી છે તો આપણને ક્યારેય આર્થિક સમસ્યાઓ નહિ થાય. કોરોના સમયમાં પણ અધ્યાપકોને જરૂરી સહાય મંડળી દ્વારા તાત્કાલિક ધોરણે મળી એ આવકારદાયક છે. નલીનભાઈ વસાએ સહકારિતા અને આધ્યામિક્તા વિશે આટલી સરસ વાત કરી હોય ત્યારે મારે વધુ બોલવું યોગ્ય નથી. તેઓના વ્યાખ્યાન થકી આપણે નવું વિચારી શકશું અને સહકાર ક્ષેત્રે નવી દિશામાં કામ કરી શકશું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અધ્યાપકોની સહકારી મંડળીના વર્તમાન પ્રમુખ પ્રો.જયદીપસિંહ ડોડીયા, ઉપપ્રમુખ ડો.જે.એ. ભાલોડીયા, મંત્રી પ્રો. વી.જે. કનેરીયા, સહમંત્રી ડો.યોગેશ જોગસણ, ખજાનચી ડો.રંજનબેન ખૂંટ, કારોબારી સભ્યો પ્રો.સંજય ભાયાણી, પ્રો.આર. બી. ઝાલા, પ્રો.અતુલ ગોસાઈ, પ્રો.નિકેશ શાહ, ડો. રેખાબા જાડેજા, ડો. મનીષ શાહ, ડો.અશ્વિન સોલંકી અને ડો.ભરત ખેર વગેરેએ જહેમત ઉઠાવી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન સહમંત્રી ડો. યોગેશ જોગસણ દ્વારા કરવામાં આવ્યું હતું. આભારવિધિ ઉપપ્રમુખ ડૉ. જયંત ભાલોડિયા દ્વારા કરવામાં આવી હતી. ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ગોધરાના કુલપતિ પ્રો. પ્રતાપસિંહ ચૌહાણે કાર્યક્રમને સફળતા ઈચ્છતો શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો.

# રાજય સરકારે આખરે ૩૩ વર્ષ બાદ હાઉસીંગ સોસાયટીમાં થતા મિલ્કત ખરીદ - વેંચાણમાં રજીસ્ટ્રેશન ફીમાં ફેરફાર કર્યો

## હાઉસીંગ સોસાયટીમાં મિલ્કત ખરીદ - વેંચાણમાં પ્રોપર્ટી વેલ્યુના ૦.૫% રજીસ્ટ્રેશન ફી લેવાશે



રાજકોટ, તા. ૨૦

ગુજરાતમાં એક તરફ જંત્રીમાં ૧૦૦ ટકાના ભાવ વધારા બાદ તેમાં ફેરફાર અંગેની પ્રક્રિયા હાલ મુલત્વી રાખવામાં આવી છે અને હવે આગામી વર્ષે તે હાથ ધરાશે તેવું મનાય છે. તે સમયે ગુજરાત હવે મિલ્કતના ખરીદ વેંચાણ સમયે રજીસ્ટ્રેશન પ્રક્રિયામાં અને તેના સ્ટેમ્પ ડયુટીમાં એક મોટો ફેરફાર લાવી રહ્યું છે. હવે પ્રોપર્ટી ટ્રાન્સફર ફી છે તેને મિલ્કતની કિંમત સાથે જોડી દેવાશે જેના કારણે વધુ મોંઘી મિલ્કતો માટે ટ્રાન્સફર ફી ઉંચી રહેશે અને તેની સાથે ગ્રામીણ સહિતના વિસ્તારોમાં કે જયાં મિલ્કતોની કિંમત નીચી છે ત્યાં ઘર ખરીદનારાઓને ફાયદો થશે. સરકારે જંત્રી વ્યવસ્થા અમલમાં મૂકી છે પરંતુ તેને અપડેટ થવામાં લાંબો સમય લાગે છે અને આ કવાયત વારંવાર કરવી પડી છે.

તેથી ગુજરાતમાં હવે એક અનોખો પ્રયોગ કરવામાં આવી રહ્યો છે. જેને હાલમાં જ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે મંજૂરી આપી છે. હાલ સરકાર મિલ્કતની ટ્રાન્સફર ફી રૂા.૫૦૦ થી ૫૦ હજાર વસુલે છે જયારે હાઉસીંગ કોપરેટીવ સોસાયટીને તેમાંથી મુકિત છે. પરંતુ નવા કાનુન મુજબ હવે સોસાયટીના સભ્યોએ પણ ટ્રાન્સફર ફી ભરવી પડશે અને તેમાં સોસાયટી કયાં પ્રકારની છે તે મહત્વનું રહેશે નહીં.

છેલ્લે સરકારે ૧૯૯૧માં ટ્રાન્સફર ફી નિશ્ચિત કરી હતી. હવે હાઉસીંગ સોસાયટીમાં નવા સભ્યો હાલના સભ્ય પાસેથી મિલ્કત ખરીદે તો આ પ્રમાણે ટ્રાન્સફર ફી ચૂકવે છે અને તેના આધારે તે સોસાયટીની તમામ સેવાઓ મેળવે છે. હાઉસીંગ સોસાયટીમાં જમીનના માલિક સોસાયટી હોય છે અને તેના ઉપર આવાસનું બાંધકામ થાય છે. જયારે અન્ય પ્રકારની સોસાયટીમાં જમીનના માલિક વ્યકિતગત હોય છે. પરંતુ લાંબા સમયથી આ અંગે સુધારાની તૈયારી હતી. અને સરકારે હવે ૩૩ વર્ષ બાદ તેમાં સુધારા અંગે નિર્ણય લીધો છે. ગુજરાત કોપરેટીવ સોસાયટી એકટ ૧૯૬૧માં થયેલા સુધારા મુજબ સરકારે આ પ્રકારે ટ્રાન્સફર ફી વધુમાં વધુ સેલ દીઠના ૦.૫ ટકા નિશ્ચિત કરી છે. અગાઉ તેમાં મહતમ રૂા. ૫૦ હજાર હતી પરંતુ હવે તેને બાયપાસ કરીને જંત્રીની ચિંતા કર્યા વગર માર્કેટ કિંમત મુજબ તેમાં ટ્રાન્સફર ફી વસુલાશે અને જે મિલ્કતની કિંમત ઉંચી હશે તેની ટ્રાન્સફર ફી ઉંચી હશે. સસ્તી મિલ્કતોમાં ટ્રાન્સફર ફી નીચી જશે. સરકારે આ ઉપરાંત સર્વિસ સોસાયટી કે જેમાં જમીનની માલીકી વ્યકિતગત હોય ત્યાં પણ સોસાયટીને ટ્રાન્સફર ફી લેવા મંજૂરી આપશે તેવા સંકેત છે આ અંગે રાજયના સહકાર મંત્રી જગદીશ પંચાલે જણાવ્યું કે લોકોને લાભાર્થે આ નિર્ણય લેવાયો છે. જોકે આ અંગેની આખરી વિગત ટુંકમાં જાહેર થશે.

# દેવભૂમિ દ્વારકા જીલ્લાની સલાયા નગરપાલિકા દ્વારા સેવા સેતુ કાર્યક્રમ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૨૦ રાજ્ય સરકાર દ્વારા અનેકવિધ સરકારી સેવાઓને નાગરીકો માટે સુગમ અને ઝડપી બનાવવાના હેતુથી સમગ્ર રાજ્યમાં તા.૧૭ સપ્ટેમ્બરથી ૩૧ ઓકટોબર સુધી ૧૦માં તબક્કાના સેવા સેતુ કાર્યક્રમો આયોજીત થઈ રહ્યાં છે. આ અનુસંધાને દેવભુમિ દ્વારકા જિલ્લામાં ખંભાળિયા તાલુકાની સલાયા નગરપાલિકા દ્વારા સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નગરજનોએ ભાગ લઈ આધાર કાર્ડમાં સુધારા, રાશન કાર્ડમાં નામ દાખલ કરવું/ કમી કરવું, કુંવરબાઈનું મામેરૂ સહાય યોજના, દિવ્યાંગતા પ્રમાણપત્ર, જન્મ મરણના પ્રમાણપત્ર, લગ્ન નોંધણી પ્રમાણપત્ર, આધાર કાર્ડનું બેંક એકાઉન્ટ સાથે જોડાણ, મોબાઈલ નંબર સાથે બેંક એકાઉન્ટનું જોડાણ, ૭ ૧ ૨ ૮અના પ્રમાણપત્રો કઢાવવા વગેરે જેવી વિવિધ સેવાઓ મેળવી હતી.

# અમદાવાદમાં ક્ષત્રિય સમાજ દ્વારા મહા 'દરબાર' સંમેલનમાં ભાજપ-કોંગ્રેસના કોઈ મોટા નેતા હાજર ન રહ્યા

અમદાવાદ તા.૨૦

સમસ્ત ક્ષત્રિય સમાજને એક કરવાના ઉદ્દેશથી આજે ૨૦ સપ્ટેમ્બરને શુક્રવારે અમદાવાદના ગોતામાં આવેલા રાજપૂત ભવન ખાતે તમામ ક્ષત્રિયોનું ભવ્ય સંમેલન યોજાયું છે. ત્યારે ભાવનગરના મહારાજા વિજયરાજસિંહ ગોહિલ આવી પહોંચતાં જ તેમનું ઢોલ-નગારાંના તાલ સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમજ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા પણ કાર્યક્રમમાં આવ્યા છે. ગુજરાતભરમાંથી ક્ષત્રિય સમાજના મોટી સંખ્યામાં લોકો ઊમટ્યા છે. આ સંમેલનમાં "સમસ્ત ક્ષત્રિય શક્તિ અસ્મિતા મંચ"ની જાહેરાત થશે, જેમાં પ્રમુખ તરીકે ભાવનગરના મહારાજા વિજયરાજસિંહજી ગોહિલની તાજપોશી કરવામાં આવશે.

સમસ્ત ક્ષત્રિય શકિત અસ્મિતા મંચ કાર્યક્રમની શરૂઆત થઈ ગઈ છે. આજના કાર્યક્રમમાં ક્ષત્રિય સમાજના રાજકીય આગેવાનોને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું. જો કે, ભાજપના એકપણ નેતા આ કાર્યક્રમમાં હાજર રહ્યા નથી. ભાજપ સાથે જોડાયેલા ક્ષત્રિય સમાજના નેતાઓ હાજર રહ્યા નથી. કોંગ્રેસના આગેવાન એવા શકિતસિંહ ગોહિલ તેમજ ઈન્દ્રવિજયસિંહ ગોહિલ પણ હાજર રહ્યાં નથી.

રાજકોટના કોંગ્રેસના નેતા, કરણીસેનાના મહિલા આગેવાન તેમજ રવિન્દ્રસિંહ જાડેજાના બહેન નયનાબા જાડેજા, જી મયંકસિંહ ચાવડા પણ કાર્યક્રમમાં હાજર છે. ભાવનગરના મહારાજા વિજયરાજસિંહ ગોહિલનું સામૈયું અને તિલક કરી સ્વાગત કરવામાં આવ્યું છે. શંકરસિંહ વાઘેલા અને રાજપૂત વિદ્યાસભાના પ્રમુખ અશ્વિનસિંહ સરવૈયા સહિત આગેવાનો દ્વારા સ્વાગત કરાયું હતું. ગોંડલ અને દાંતા સ્ટેટના રાજવીઓનું પણ સ્વાગત કરવામાં આવ્યું છે.

ક્ષત્રિય સંમેલનમાં ભાગ લેવા માટે વિવિધ શહેરો અને જિલ્લાઓમાંથી ક્ષત્રિય સમાજના આગેવાનો આવી પહોંચ્યા છે. સુરેન્દ્રનગર, ભાવનગર, કચ્છ, દાંતા, બનાસકાંઠા, રાજકોટ, ગોંડલ, સાણંદ, મહેસાણા, ગાંધીનગર, અમદાવાદ સહિતનાં શહેરોમાંથી આગેવાનો આવ્યા છે. શંકરસિંહ વાઘેલા પણ કાર્યક્રમ સ્થળે આવી પહોંચ્યા છે.

ક્ષત્રિય સમાજનું માનવું છે કે દેશની એકતા અને અખંડિતતા માટે ૫૬૨ જેટલા રાજાઓએ પોતાનાં રજવાડાં દાનમાં આપ્યાં હતાં. દેશમાં લોકશાહી સ્થાપવા ક્ષત્રિય સમાજનો મોટો ફાળો હોવા છતાં આજે આર્થિક, સામાજિક, શૈક્ષણિક, રાજકીય સહિતનાં ક્ષેત્રોમાં તેમની પૂરતી ભાગીદારી નથી. આ માટે હવે સમગ્ર સમાજને એક કરવાના ઉદ્દેશથી સંગઠન ઊભું થવા જઈ રહ્યું છે.

# ગુજરાતની મોટાભાગની નદીઓમાં પ્રદુષણનું પ્રમાણ ઓછું પરંતુ હજુ જેતપુરની ભાદર - સુરેન્દ્રનગરની ભોગાવો સૌથી પ્રદુષિત



ગાંધીનગર,તા.૨૦

ઘર-માર્ગોથી માંડીને નદી-સમુદ્ર સુધીનાં સ્થળો માટે સ્વચ્છતાના અભિયાનમાં પરીણામ દેખાવા લાગ્યા હોય તેમ ગુજરાતની ૨૦ માંથી સાત નદી પ્રદુષણમુકત થઈ ગઈ છે.

રાજકીય પ્રદુષણ કધટ્રોલ બોર્ડનાં ૨૦૧૮ ના રીપોર્ટમાં ગુજરાતની ૨૦ નદીને સૌથી વધુ પ્રદુષીત નદીઓ ગણાવવામાં આવી હતી. હવે વન તથા પર્યાવરણ વિભાગે સરકારને સોંપેલા રીપોર્ટમાં ૨૦ માંથી ૭ નદી પ્રદુષણ મુકત થયાનો દાવો કર્યો છે.

૨૦૧૮ ના રીપોર્ટમાં બાયો કેમીકલ્સના ચિંતાજનક પ્રમાણને કારણે ૨૦ નદી વિસ્તારોને સૌથી પ્રદુષીત ગણવામાં આવ્યા હતા. ૨૦૨૨ માં સૌથી વધુ પ્રદુષિત નદી વિસ્તારોની સંખ્યા ઘટીને ૧૩ ની રહી ગઈ હોવાનો દાવો કરવામાં આવ્યો છે. રીપોર્ટમાં એવો એકરાર કરવામાં આવ્યો છે કે, ગટરની ગંદકી નદીઓમાં ઠલવાતી હોવાથી તે પ્રદુષિત થાય છે. આ ગંદકીનાં ટ્રીટમેન્ટ પ્લાન્ટ ન હોવાથી સમસ્યા છે. રાજયમાં ૫૬૯૨ મીલીયન લીટર ગંદા પાણીનાં ટ્રીટમેન્ટની ક્ષમતા છે અન્ય પ્લાન્ટ નિર્માણનાં તબકકે છે.

નદીઓને પ્રદુષિત થતી રોકવા માટે ગંદા પાણીનો નદીમાં નિકાલ રોકવા સહિતના પગલા લેવાયા છે. આ માટે ડ્રોન સર્વે ઉપરાંત થર્ડ પાર્ટી ઈસ્પેકશન પણ કરાયું છે. શહેરી વિકાસ સતામંડળ દ્વારા કોમન કન્ટ્રોલરૂમ પણ ઉભો કરવામાં આવી રહ્યો છે. નદીઓમાં પ્રદુષણ સ્તર ઘટવા છતાં સાબરમતી જેવી નદીઓમાં બારોબાર ઠલવાતી ગંદકી ચિંતાજનક જ છે. નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ દ્વારા પ્રદુષણ બોર્ડ સહીતના વિભાગોની સંયુકત સમિતિનું ગઠન કરાયું હતું અને તેના દ્વારા રીપોર્ટ સોંપી દેવાયો છે.

પ્રદુષિત નદી વિસ્તારોની સંખ્યામાં ઘટાડો છતાં સાબરમતીનો રાયસનથી ગૌથાનો વિસ્તાર પ્રદુષિત છે.વિશ્રવામિત્રી, આમલાખાડી, જેતપુરની ભાદર નદી ઉપરાંત દાદર અને ખારી નદી સૌથી વધુ પ્રદુષિત છે. સુરેન્દ્રનગરની ભોગાવોમાં પણ બાયોકેમીકલ્સ ઓકસીજનનું પ્રમાણ ઉંચુ છે પ્રાથમીકતામાં પાંચમી શ્રેણીમાં રાખવામાં આવી છે.

# રાજયમાં ખેડુતોને ૧૨ કલાક વીજળી આપવા અર્જુન મોઢવાડીયાની માંગ




ગાંધીનગર તા. ૨૦

ગુજરાતના ખેડૂતોને આઠ કલાક વીજળી જ મળે છે અને હાલ પખવાડિયાથી વરસાદી વિરામના પગલે કૃષિપાકને પિયતની જરૂરીયાત હોય ખેડૂતોને રોજ ૧૨ કલાક વીજળી પૂરી પાડવા ભાજપના જ ધારાસભ્ય અર્જૂન મોઢવાડિયાએ રાજ્ય સરકાર પાસે માંગણી કરી છે.

પોરબંદર બેઠક પરથી ધારાસભ્ય તરીકે ચૂંટાયેલા મોઢવાડિયાએ ઉર્જામંત્રી કનુ દેસાઈને પત્ર લખ્યો છે. જેમાં તેમણે જણાવ્યું છે વરાપ નીકળ્યા પછી ખાસ કરીને મગફળી અને ડાંગરના પાકમાં પાણીની જરૂરિયાત છે.ઉપરાંત ભારે વરસાદના કારણે દબાઈ ગયેલી જમીનને છૂટી પાડવી પાકના વિકાસ માટે જરૂરી હોય છે જે માટે પાણી જરૂરી છે.

વધુમાં ઉર્જામંત્રીને જણાવ્યું છે કે સૌરાષ્ટ્ર કચ્છ અને ઉત્તર ગુજરાતમાં મગફળી તથા દક્ષિણ ગુજરાતમાં ડાંગરના પાક માટે હાલ એક સાથે બોર-કૂવામાંથી મોટરો ચાલુ થતા વિજ માંગ વધી છે અને વિજ લાઈનમાં વિક્ષેપો ઉભા થાય છે. ખેડૂતોને આ સ્થિતિમાં કૃષિપાકને બચાવવા હાલ ૮ કલાક વીજળી અપાય છે તેના બદલે ૧૨ કલાક આપવાની જરૂર હોય તે માટે જેટકો, વિજકંપનીઓને સૂચના આપવા રજૂઆત કરાઈ છે.

# મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે અમરેલીના દુધાળાના સરોવરની મુલાકાત લઈ બસપોર્ટનું લોકાર્પણ કર્યું



અમરેલી, તા.૨૦

અમરેલી જિલ્લાના રૂ. ૨૯૨ કરોડના ૭૭ વિકાસ કાર્યોના લોકાર્પણ- ખાતમુહૂર્ત માટે પધારેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે લાઠી તાલુકાના દુધાળા ગામે આવેલા નારણ સરોવરના ટેબલ પોઈન્ટ ખાતેથી ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા જળસંચયના થયેલા કાર્યોનું નિરીક્ષણ કર્યુ હતું. મુખ્યમંત્રીએ ધોળકિયા ફાઉન્ડેશનના ચેરમેન અને પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયા સાથે જળસંચયના કાર્યોને વેગ આપવા માટે જરુરી પરામર્શ કર્યો હતો.

મુખ્યમંત્રીને પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયાએ ગાગડીયા નદી પર લાઠી અને લીલીયા તાલુકાના વિસ્તારમાં થયેલા જળસંચયના કાર્યો અને ભૌગોલિક સ્થિતિથી અવગત કર્યા હતા. આ પ્રસંગે નાની બાળાઓએ પુષ્પ પાંખડીઓ દ્વારા મુખ્યમંત્રીનું સ્વાગત કર્યુ હતું. આ તકે લાઠી બાબરા વિસ્તારના ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, લાઠી પ્રાંત અધિકારી બ્રહ્મભટ્ટ, ધોળકિયા પરિવારના મોભી ધનજીબાપા, તુલસીભાઈ ધોળકિયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢમાં પ્રેમ સંબંધના મનદુઃખે યુવાનનું બાઈક પર અપહરણ કરી માર માર્યો : બે સામે ફરિયાદ

જૂનાગઢ તા.૨૦

જૂનાગઢમાં પ્રેમ સંબંધના મનદુઃખના કારણે એક યુવાનનું બાઈક ઉપર અપહરણ કરી માર મારવામાં આવ્યો હોવાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગતો અનુસાર ભેસાણ તાલુકાના ભાટગામના મુળ વતની અને હાલ રામદેવપરા હુશેનીચોક ખાતે રહેતા અજયભાઈ રમેશભાઈ ગુજરાતી (ઉ.વ.૨૨)એ સમીર મકવાણા રહે.ખાડીયાવાળો તથા અજાણ્યા શખ્સ વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરિયાદીને અગાઉ પુજા સાગઠીયા સાથે પ્રેમ સંબંધ હોય અને આ પુજાએ અગાઉ આરોપી નં.(૧) સમીર મકવાણા સાથે લગ્ન કરેલ હોય, જે વાતનું મખદુઃખ રાખી આરોપી નં.(૧) તથા (૨)ના ઓએ ફરિયાદીને બિભત્સ શબ્દો કહી ગેરકાયદેસર જબરદસ્તીથી ફરિયાદીના બાવળા પકડી મોટરસાયકલમાં બોસાડી અપહરણ કરી લઈ જઈ તેમજ ફરિયાદીને શરીરે બેલ્ટ તથા પ્લાસ્ટીકની પાણીની નળીથી તથા ઢીકાપાટુથી માર મારી છરી બતાવી મારી નાખવાની ધમકી આપવા અંગેની ફરિયાદ પોલીસ દફતરે નોંધાતા પોલીસે આરોપીઓ વિરૂધ્ધ વિવિધ કલમ અંતર્ગત ગુનો દાખલ કરેલ છે. આ બનાવ ગઈકાલે દોલતપરા ઈન્દ્રેશ્વર રોડ તપોવન આશ્રમ નજીક બનવા પામ્યાનો પોલીસ ફરિયાદમાં દર્શાવેલ છે. આ બનાવ અંગે વધુ તપાસ એ-ડીવીઝન પો.સ્ટે.ના પી.એસ.આઈ. બી.એમ. વાઘમસી ચલાવી રહ્યા છે.

# કેશોદમાં વિદેશી દારૂના જથ્થા સાથે બે ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૦

કેશોદના વેરાવળ રોડ પર કૃષ્ણનગર સોસાયટીમાંથી કારમાં રાખેલ વિદેશી દારૂના જથ્થા સાથે બે શખ્સોને કેશોદ પોલીસે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર કેશોદ પોલીસે કેશોદના કૃષ્ણનગર વિસ્તારમાંથી રાજેન્દ્ર ઉર્ફે રાજુ રાણાભાઈ બાબરીયા, રવીભાઈ નારણભાઈ ગૌસ્વામીનો કારમાં રાખેલ વિદેશી દારૂની નાની મોટી ૧૫૫ બોટલો કિ.રૂા.૬૦૮૩૦ સહિત ફીગો ગાડી અને ૩ મોબાઈલ મળી કુલ ૩,૭૧,૩૩૦ના મુદામાલ સાથે ઝડપી લઈ વધુ પુછપરછ કરતા આ દારૂનો જથ્થો નારણભાઈ રામાભાઈ ખાંભલા રહે.શેરીયાજવાળાએ આપ્યો હોવાનું ખુલતા પોલીસે તમામ આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર ધર્મેન્દ્રસિંહ પી. રાણા, એડવોકેટ, જોષીપરા, જૂનાગઢ તે મારા અસીલ જોષી દિપકભાઈ રમણીકભાઈ ઉ.વ.આ.૫૪, રહેવાસી : ૨૬, આદિત્યનગર-૧, જોષપરા, જૂનાગઢ વાળાની સુચનાથી આ જાહેર નોટીસ આપી જાણ કરૂ છું કે, શ્રી ગુજરાત રાજયનાં જૂનાગઢ જીલ્લાનાં, જૂનાગઢ તાલુકાના, જૂનાગઢ મહાનગરપાલિકાની હદમાં આવેલા ગામ જોષીપરાની બીનખેતીની જમીન રે.સ.નં.૫૫ પૈકી એ.૫-૩૬ ગુઠામાં રહેણાંક હેતુ માટે આવેલા પ્લોટો પૈકી પ્લોટ નં. ૭૧ ચો.મી. ૭૭.૬૫ તથા પ્લોટ નં.૭૨ પૈકી ચો. મી. ૫.૯૪ તથા પ્લોટ નં. ૭૨ પૈકી આંતરીક રસ્તો ચો.મી. ૧૧.૫૪ મળી કુલ ચો.મી. ૯૫.૧૩, દ.નં. ૧૪૦, તા. ૧૬-૧-૧૯૯૦થી અમારા અસીલનાં માતુશ્રી મંજુલાબેન ગૌરીશંકર જોષી (તે રમણીકભાઈ જોષીના પત્ની)એ ખરીદ કરેલ છે.

સદરહું મિલકતનાં માલિક મંજુલાબેન ગૌરીશંકર જોષીનું તા. ૯-૧૧-૨૦૨૦નાં રોજ અવસાન થયેલ છે. અને વારસાઈથી આ મિલકત (૧) સુનીલભાઈ (૨) અંજનાબેન, તથા (૩) જયેશભાઈ, (૪) કૈલાશબેન તથા (૫) દિપક રમણીકભાઈ જોષી એમ પાંચેયની માલીકીની આવેલ.

સદરહું મિલકતનો અમારા અસીલના માતુશ્રી મંજુલાબેન ગૌરીશંકર જોષીના નામના રજી.દ. નં.૧૪૦, તા. ૧૬-૧-૧૯૯૦નો અસલ દસ્તાવેજ અમારા અસીલ પાસેથી ગુમ થઈ ગયેલ છે અને આ અસલ દસ્તાવેજ ખુબ જ શોધવા છતાં અમારા અસીલને મળી આવેલ નથી અને આ અસીલ દસ્તાવેજ કોઈને સોંપેલ નથી કે આ અસલ દસ્તાવેજને આધારે સદરહું મિલકત ગીરોમાં કે જામીનગીરીમાં મુકેલ નથી કે કોઈ બોજા ઉભા કરેલ નથી કે અન્ય કોઈપણ કાર્યવાહી કરેલ નથી. તેમ છતાં કોઈ વ્યકિત, બેંક તથા સંસ્થા વગેરે આ અસલ દસ્તાવેજ તથા મિલકત પરત્વે કોઈ અધિકારનો દાવો કરતા હોય, તો આ નોટીસ પ્રસિધ્ધ થયાના દિવસ-૮ (આઠ)માં અમારા નીચે જણાવેલ સરનામે લેખિતમાં જાણ કરવી. જો મુદત દરમ્યાન કોઈના તરફથી વાંધો તકરાર રજુ કરવામાં નહી આવે તો વાંધેદારોએ તેમના હક્ક-હિસ્સા જતા (વેઈવ) કરેલ છે અને સદરહું અમારા અસીલની મિલકત સંપૂર્ણ બોજા મુકત અને ટાઈટલ કલીયર અને માર્કેટેબલ છે તેમ માનવામાં આવશે અને આ નોટીસની મુદત વિત્યાબાદ કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો - તકરાર અમારા અસીલને માન્ય રહેશે નહી જેથી આ જાહેર નોટસની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૧૯-૯-૨૦૨૪
જૂનાગઢ
અસીલની સૂચના અનુસાર
ધર્મેન્દ્રસિંહ પી. રાણા (એડવોકેટ)
જોષીપરા, જૂનાગઢ
મો. ૯૬૬૨૧ ૦૦૮૬૩

સહી અવાચ્ય
ધર્મેન્દ્રસિંહ પી. રાણા
(એડવોકેટ)

# માણાવદરની જે.એમ. પાનેરા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં હિન્દી સપ્તાહની થઈ ઉજવણી



જૂનાગઢ, તા.૨૦

માણાવદર કેળવણી મંડળ સંચાલિત ભકતકવિ નરસીંહ મહેતા યુનિ. સંલગ્ન માણાવદરની શ્રી જે. એમ. પાનેરા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે હિન્દી વિભાગ દ્વારા હિન્દી સપ્તાહની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સપ્તાહ દરમ્યાન હિન્દી ભાષામાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સુલેખન સ્પર્ધા, શ્રુત લેખન સ્પર્ધા, નિબંધ લેખન સ્પર્ધા તેમજ વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.સ્પર્ધાઓમાં કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમાપન સમારોહમા કોલેજના સંસ્થાપક જેઠાભાઈ પાનેરાએ વિજેતા સ્પર્ધકોને રોકડ પુરસ્કાર એનાયત કરી જણાવ્યું હતું કે, હિંદીમાં ભક્તિકાલીન સાહિત્ય ભક્તિ-આંદોલનની નીપજ છે, આ આંદોલન એટલું વ્યાપક, લોકોન્મુખી અને પ્રભાવશાળી હતું કે બંગાળથી ગુજરાત અને કન્યાકુમારીથી કાશ્મીર સુધી વિસ્તરેલ. હિંદીમાં ભક્તિ-આંદોલનનું વિભાજન નિર્ગુણ ભક્તિ અને સગુણ ભક્તિમાં કરવામાં આવે છે. નિર્ગુણ ભક્તિની જ્ઞાનાશ્રયી શાખામાં કબીર, દાદૂ જેવા સંત-કવિઓ અને પ્રેમાશ્રયી શાખામાં જાયસી જેવા સૂફી કવિઓનો સમાવેશ થાય છે; જ્યારે સગુણ ભક્તિમાં રામભક્તિ શાખામાં તુલસીદાસ અને કૃષ્ણભક્તિ શાખામાં સૂરદાસ, નંદદાસ, રસખાન જેવા કૃષ્ણભકત કવિઓનો સમાવેશ થાય છે.નવલકથા, વાર્તા, નાટક, કવિતા અને સંસ્મરણ જ નહિ; ધર્મ, દર્શન અને સમાજસુધારાના ક્ષેત્રે કામ કરનાર વિશિષ્ટ વ્યક્તિઓની જીવનકથા અને પરિચયપુસ્તિકાઓ પણ હિંદીમાં ઉપલબ્ધ કરી આપી છે. હિંદીની સાહિત્યિક પત્રિકાઓ હિંદીના રચનાત્મક ઉન્મેષને પ્રકટ કરવાના મહત્વના સાધન તરીકે કામ કરતી રહી છે.

આ પ્રસંગેસ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા માણાવદરના મેનેજર વિકાસ કુમાર, એન.સી.સી.ના કમાન્ડિંગ ઓફિસર શ્રીકુમાર પિલ્લાઈ, કોલેજ સ્ટાફ ઉપસ્થિત રહી વિવિધ સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય, તૃતીય ક્રમે વિજેતા સ્પર્ધકોને બેંક દ્વારા શિલ્ડ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ તકે ભકતકવિ નરસિંહ મહેતા યુનિ.નાં કુલપતિ પ્રો. (ડો.) ચેતન ત્રિવેદીએ દુરવાણીથી હિન્દી સપ્તાહમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી જણાવ્યું હતું કે, હિંદી અનેક ભાષાઓ અને બોલીઓના સમુચ્ચયરૂપ છે. આ સમુચ્ચયમાં રાજસ્થાની, વ્રજ, અવધી, મૈથિલી, બુંદેલખંડી, ખડી બોલી, ઉર્દૂ જેવી કેટલીક ભાષાઓ અને બોલીઓનો સમાવેશ થાય છે. કોલેજનાં પ્રિન્સિપાલ ડો. એમ. કે. મેતરાએ સૌ વિદ્યાર્થીઓને હિન્દી સપ્તાહની શાનદાર ઉજવણી અન્વયે ધન્યવાદ પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. ચંદ્રેશ એલ. ગોસાઈએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના સમગ્ર સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનો છઠ્ઠો યુવા મહોત્સવ ઘુસીયા (ગિર) ખાતે યોજાશે

## ઉદઘાટન સમારોહમાં ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી અને સમાપન સમારોહમાં વન પર્યાવરણ મંત્રીશ્રી મુળભાઈ બેરા રહેશે ઉપસ્થિત

જૂનાગઢ, તા.૨૦

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી જુનાગઢના સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ તેમજ અમર શહીદ શ્રી ડી.એમ. બારડ આર્ટસ,કોમર્સ એન્ડ સાયન્સ કોલેજ ઘુસિયા(ગિર) સંયુક્ત ઉપક્રમે વિશ્વવિદ્યાલયમાં અભ્યાસ કરતા યુવક-યુવતીઓમાં રહેલ કળા, કૌશલ્ય અને સુષુપ્ત શકિતઓને પ્રોત્સાહન આપીને સમાજ નિર્માણ થકી રાષ્ટ્ર વિકાસમાં જોડતો યુવક મહોત્સવ અવસર ૨૦૨૪ નાં કેન્દ્રવર્તી વિચાર ઉપર યોજાઈ રહ્યો છે.૨૦ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૦-૦૦ કલાકે ગુજરાત રાજયના ગૃહ, ઉદ્યોગ, પરિવહન, રમત-ગમત અને યુવક સેવા સાંસ્કૃતિક વિભાગના મંત્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે યુવા મહોત્સવ ઉદ્દઘાટિત થશે. આ પ્રસંગે જૂનાગઢ ભુતનાથ મહાદેવના મહંત મહેશગીરીબાપુ આશીર્વચન પાઠવશે, પ્રસિદ્ધ કટારલેખક જય વસાવડા અને સોમનાથ સંસ્કૃતિ યુનિવર્સિટીના કુલપતિ પ્રો .(ડો.) રમાશંકર દુબે, સાંસદ સદસ્ય રાજેશભાઈ ચુડાસમા, તાલાળા મત વિસ્તારના ધારાસભ્ય ભગવાનજીભાઈ બારડના મુખ્ય મહેમાન પદે યોજનાર કાર્યક્રમમાં જુનાગઢ ગીર સોમનાથ જિલ્લા કલેકટર ડી.ડી. જાડેજા વિશેષ ઉપસ્થિત રહેશે. ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિ પ્રો.( ડો.) ચેતન ત્રિવેદીના અધ્યક્ષ સ્થાને યોજાઈ રહેલ અવસર ૨૦૨૪ કાર્યક્રમમાં વિવિધ સ્પર્ધાઓમા વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓ પોતાની કલાકૌશલને રજૂ કરશે, જેમાં સાહિત્ય વિભાગમાં વકૃત્વ સ્પર્ધા, સમૂહ ચર્ચા અને પ્રશ્નપંચ યોજાશે. લલિત કલા અને સર્જનાત્મક વિભાગમાં તત્કાળ ચિત્રકળા, રંગોળી, કાર્ટુનિંગ, કોલાજ , કલે મોડેલિંગ, પોસ્ટર મેકિંગ, તત્કાળ છબીકલા, મહેન્દી અને નાટ્ય વિભાગમા એકાંકી, લઘુ નાટક, મુક અભિનય અને મિમિક્રી તેવી જ રીતે સંગીત વિભાગમાં શાસ્ત્રીય કંઠ્ય સંગીત, શાસ્ત્રીય વાદ્ય સંગીત( સ્વરવાદ્ય અને તાલવાદ્ય), પશ્ચિમની વાદ્ય સંગીત, હળવું કંઠ્ય સંગીત, પશ્ચિમી કંઠ્ય સંગીત, સમૂહ ગીત(ભારતીય અને પશ્ચિમી) ભજન, દોહા-છંદ, લોકગીત અને નરસિંહ મહેતાના પદ ગાન યોજાશે. નૃત્ય સ્પર્ધાની વાત કરીએ તો પ્રાચીન રાસ, લોક નૃત્ય, આદિવાસી નૃત્ય અને શાસ્ત્રી નૃત્ય યોજાશે. કાર્યક્રમના પ્રારંભે વિદ્યાર્થીઓ દ્વારા ભારતિય સંસ્કૃતિને અનુરૂપ ટેબ્લોનું નિર્માણ કરી કલાયાત્રા દ્વારા જાગૃતિ કાર્યક્રમ રજૂ કરશે.

યુવામહોત્સવ એટલે કે અવસર ૨૦૨૪નો સમાપન કાર્યક્રમ ૨૧મી સપ્ટેમ્બરના રોજ બપોરે ત્રણ કલાકે યુનિવર્સિટીના કુલપતિ પ્રો.(ડો.)ચેતનભાઇ ત્રિવેદીની અધ્યક્ષતામાં અને સેન્ટ્રલ યુનિવર્સિટી ઑફ ગુજરાત, ગાંધીનગરના કુલપતિ પ્રો.(ડો.) રમાશંકર દુબેની પ્રેરક ઉપસ્થિતિમાં અને તાલાળા મત વિસ્તારના ધારાસભ્યશ્રી ભગવાનભાઈ બારડ,પોલીસ અધિક્ષક મનોહરસિંહજી જાડેજા તેમજ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી મંજુલાબેન મૂછાળના અતિથિ વિશેષ પદે યોજનાર કાર્યક્રમમાં રાજ્યના પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ, કલાયમેટ ચેન્જ વિભાગના કેબિનેટ મંત્રીશ્રી મુળુભાઈ બેરા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે. ગુજરાતી હિંદી ફિલ્મોના કલાકાર હિતુ કનોડિયા પણ વિશેષ ઉપસ્થિત રહેશે. આ તકે કથાકાર ડો. મહાદેવ પ્રસાદ મહેતા આશીર્વચન પાઠવશે તેમ યુનિ.ની યાદીમાં જણાવાયું છે.

# માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર - જોષીપુરા ખાતે સ્ટાન્ડર્ડ રાઇટિંગ કમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું

જૂનાગઢ, તા.૨૦

બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) એ ભારતની BIS ACT-2016 અધિનિયમ હેઠળ સ્થાપિત માનક સંસ્થા છે. કેન્દ્રિય ગ્રાહકલક્ષી બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણના કેબિનેટ મંત્રીશ્રી આ સંસ્થાનાં અધ્યક્ષ તરીકે, જ્યારે રાજ્યકક્ષાના મંત્રી ઉપાધ્યક્ષ તરીકે સેવા બજાવે છે. જેમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો ઉપરાંત સંસદસભ્યો, ઔદ્યોગિક, વ્યવસાયિક અને ગ્રાહક સંસ્થાઓ, વિજ્ઞાન અને સંશોધન સંસ્થાઓનું પ્રતિનિધિત્વ કરતાં ૨૫ સભ્યોનો સમાવેશ કરવામાં આવે છે. આ સંસ્થાનું મુખ્ય કાર્યક્ષેત્ર માલસામાનનું માનકકરણ, માર્કિંગ અને ગુણવત્તા પ્રદાન કરવાનું છે. ભારતીય અર્થતંત્રના સશક્તિકરણ માટે આયાત-



નિકાસને પ્રોત્સાહન આપવાની સાથે ગ્રાહકોને સલામત વિશ્વસનીય ગુણવત્તાયુકત ચીજવસ્તુઓ સુલભ બને તેવા પ્રયાસો આ સંસ્થા દ્વારા કરવામાં આવે છે. તે ભારતની વિવિધ પ્રોડક્ટ્સને વૈશ્વિકલેવલે ઉત્તેજન મળે, સુસંગત ટેકનોલૉજી ઉપલબ્ધ થાય, ઉત્પાદન પ્રક્રિયાની કાર્યક્ષમતા અને સલામતી ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. માતૃશ્રી એમ.જી.ભુવા કન્યા વિદ્યા મંદિર-જોષીપુરા, જૂનાગઢ ખાતે મેંજી સંસ્થા દ્વારા તા.૧૮-૦૯-૨૦૨૪ (ગુરૂવારે) "સ્ટાન્ડર્ડ રાઈટિંગ કમ્પીટીશન"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે BIS-રાજકોટના પ્રતિનિધિ અભિનવ સિંહ સાહેબે માલસામાનની ખરીદીમાં તકેદારી, તેની પ્રામાણિક્તા અને BISની ઉપયોગિતા વિષે ગહન માર્ગદર્શન આપ્યું હતું, તો "BIS Care App"ની પણ માહિતી વિદ્યાર્થીઓને આપી હતી. આ તકે શાળાનાં આચાર્ય સુશ્રી જયશ્રીબેન રંગોલિયા, સુશ્રી પ્રભાબેન બુટાણી અને સુશ્રી અલ્પાબેન ડાંગર તેમજ સુશ્રી રીમ્પલબેન રાણા સહિતના શિક્ષકોના માર્ગદર્શન હેઠળ યોજાયેલ સ્પર્ધામાં વિજેતા થયેલ વિદ્યાર્થિનીઓને પુરસ્કારથી પ્રોત્સાહિત કરવામાં આવી હતી. શાળામાં યોજાએલ લોકજાગૃતિના આ કાર્યક્રમ બદલ સંસ્થાના ચેરમેનશ્રી જે.કે.ઠેસિયા, જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી સુશ્રી મૃણાલીનીબેન ગોધાણી, કેમ્પસ ડાયરેકટર સી.પી.રાણપરિયા સહિતના ટ્રસ્ટીઓ, વિદ્યાગુરૂઓ અને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતાં.

# અદાણી ફાઉન્ડેશન દ્વારા આયોજીત 'સથવારો મેળો'માં રૂા.૩૦ લાખની હાથ કારીગરીની ચીજ વસ્તુઓનું વેચાણ

## તા.૧૪-૧૫ સપ્ટેમ્બરના બે દિવસીય મેળામાં ભારતના વિવિધર ખૂણેથી આવેલા કસબીઓની હસ્તકલાના સ્વરૂપોની રંગદર્શી પ્રસ્તુતિ



અમદાવાદ, તા.૨૦

આમેળામાં સ્ટ્રોમાંથી બનાવેલી વસ્તુઓનો સ્ટોલ રાખનારા ઉમરપાડાના આદિવાસી કોટવાડિયા સમુદાયના કારીગર જસોદાબેન કોટવાડિયાએ પોતાની ખુશી વ્યક્ત કરતા કહ્યું હતું કે અમારું કામ કલા કારીગરીનું એક સ્વરૂપ છે તેની અમને ખબર ન હતી. અમે અગાઉ રૂા.૨૦ના જથ્થાબંધ ભાવે વચેટિયાઓને વેચતા સ્ટ્રો બાસ્કેટ અને વોલ હેંગિંગ્સની અમને મેળામાં સારી કિંમત મળી. અદાણી ફાઉન્ડેશને ખરીદદારો અને વિક્રેતાઓ વચ્ચેના અંતરને દૂર કરીને અમારા જેવી મહિલાઓને ખૂબ મદદ કરી છે. તેઓએ અમને માર્ગદર્શન અને એક બજાર આપ્યું કે જ્યાં અમે આવા પ્રદર્શનોમાં ઊભા રહી શકીએ અને યોગ્ય જીવનનિર્વાહ મેળવવા માટે અમારા ઉત્પાદનો વેચી શકીએ." અદાણી ફાઉન્ડેશનના ઉપક્રમે ભારતની વિવિધ કલા અને સમૃધ્ધ શિલ્પ સ્થાપત્યના વારસાને ઉજાગર કરતા બે દિવસના 'સથવારો મેળા' શિર્ષક અંતર્ગત બીજી આવૃત્તિનું ગત તા.૧૪-૧૫ સપ્ટેમ્બરના રોજ અદાણી શાંતિગ્રામ ખાતે આવેલી બેલ્વેડેરે ગોલ્ફ એન્ડ કાઉન્ટી કલબમાં આયોજન થયું હતું.દેશભરના સ્વ-સહાય જૂથો અને કારીગરો દ્વારા હસ્તકલાથી કંડારવામાં આવેલી કલાત્મક ચીજવસ્તુઓની આકર્ષક રંગદર્શી શ્રેણી આ મેળામાં પ્રદર્શિત કરવામાં આવી હતી.હસ્તકલાના કારીગરોના સશક્તિકરણ અને ભારતના સાંસ્કૃતિક વારસાનું સંવર્ધન અને જાળવણીના હેતુથી યોજાયેલા આ મેળા મારફત કારીગરો અને ગ્રાહકોને સીધા જોડવાનો પ્રયાસ સફળ થયો હતો. ફાઉન્ડેશનનો ઉદ્દેશ કારીગરોને એક મંચ પુરો પાડી ટકાઉ આજીવિકા અને આર્થિક વૃદ્ધિને પ્રોત્સાહન આપવાનો રહ્યો છે.

ઉંચી ગુણવત્તાથી સભર ચંદેરી અને પટોળા સાડીઓથી લઇ કાપડના ટુકડાઓની અટપટી સૂનફ એમ્બ્રોઇડરી , પટ્ટચિત્ર અને પથ્થરની ધૂળના ચિત્રો, હાથે ગુંથેલી સસ્તી મેક્રેમ થેલીઓ તેમજ ગૃહ સુશોભનની ચીજ-વસ્તુઓ, અનન્ય નેઇલ ક્રાફ્ટ, પિત્તળના વાસણો, ટેરાકોટા આર્ટવર્ક, ઓક્સિડાઇઝ્ડ અને મણકાના દાગીના જેવી કલા સામગ્રીનું એક જ સ્થળે પ્રદર્શન સહ વેચાણની સવલતને મુલાકાતીઓનો પ્રોત્સાહક જબ્બર પ્રતિસાદ સાંપડ્યો હતો. ભારતની બહુવિધ પરંપરાગત અને સમકાલીન હસ્તકલા ઉપર સરસ હથરોટી ધરાવનાર પ્રત્યેક કલાકાર કસબીઓ સાંસ્કૃતિક સમૃદ્ધિની એક અલગ કથા વર્ણવે છે.

અદાણી ફાઉન્ડેશનના ચેરપર્સન ડૉ. પ્રીતિ અદાણીએ જણાવ્યું હતું કે "સથવારો એ અદાણી ફાઉન્ડેશનની સૌથી યુવા પહેલ છે અને સથવારો મેળાની બીજી આવૃત્તિનું આયોજન કરવાનો અમોને અતિ આનંદ છે, જેમાં ૮૦ થી વધુ કારીગરોએ ભાગ લીધો હતો. "આ પહેલ પાછળનો ઉદ્દેશ્ય ભારતની લુપ્ત થઇ રહેલી પારંપારિક કારીગરી અને હસ્તકલાને પ્રોત્સાહિત અને પુનર્જીવિત કરવાનો છે.

મને આનંદ છે કે આપણો કારીગર સમુદાય વધુ સર્જનાત્મક અને બજાર લક્ષી બની રહ્યો છે. તેઓ તેમના કાર્યને પ્રોત્સાહન આપવા માટે સક્રિયપણે અમારો સંપર્ક કરી રહ્યા છે. તેમણે કહ્યું કે દરેક કલાને પોતાની આગવી ઓળખ હોય છે અને પ્રત્યેક કલાકાર તેને સક્રિય અને જીવંત રાખવા માટે ઘણી પીડા અને વિચાર મંથનમાંથી પસાર થાય છે.જેની પાછળ કઠોર પરિશ્રમ અને બલિદાનનો લાંબો ઈતિહાસ છે એવા કલા અને સાંસ્કૃતિક વારસાને પુનર્જીવિત કરવામાં અમે સથવારોના માધ્યમથી યોગદાન આપી રહ્યા છીએ.

# દ્વારકામાં આવતીકાલથી ત્રી-દિવસીય મીરા મહોત્સવનું આયોજન

## રાષ્ટ્રીય કક્ષાના કલાકારો મીરાબાઈના જીવન ઉપર કૃતિઓ રજૂ કરશે

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૦

મહાન ભક્ત મીરાબાઈની પ૨પ મી વર્ષગાંઠ નિમિત્તે સાંસ્કૃતિક મંત્રાલયની સ્વાયત્ત સંસ્થા સંગીત નાટક અકાદમી- દિલ્હી તથા દેવભૂમિ દ્વારકા જિલ્લા વહીવટી તંત્રના સયુંકત ઉપક્રમે દ્વારકાના સનસેટ પોઈન્ટ પાસે આવેલા ઓપન એર થિયેટર ખાતે તા. ૨૧ થી ૨૩ સુધી ત્રણ દિવસ "મીરા મહોત્સવ"નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં ભકત મીરાબાઈ ઉપર નૃત્ય નાટિકા, મીરાબાઈના ભજનો, મીરાબાઈના જીવન પર નાટય જેવા વિવિધ કાર્યક્રમો યોજાનાર છે. જેમાં રાષ્ટ્રીય કક્ષાના દિગ્ગજ કલાકારો અનુપ જલોટા, લલિતાબેન ઘોડાદ્રા, શ્રીરામ ભારતીય કલા કેન્દ્ર દિલ્હી, છત્તીસગઢના મમતા આહર, મહારાષ્ટ્રના અજય પોહાનકર, તમિલનાડુના સિક્કલ ગુરુચરણ, હેમંતભાઈ ચૌહાણ જેવા ખ્યાતનામ કલાકારો દ્વારા મીરાબાઈ પરની કૃતિઓ રજૂ કરવામાં આવશે. આ કાર્યક્રમનો મહાનુભાવોની ઉપસ્થિતિમાં શનિવારે સાંજે સાત વાગ્યે સનસેટ પોઈન્ટ પાસેના ઓપન એર થિયેટર ખાતે પ્રારંભ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં સહભાગી થવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જાહેર જનતાને અનુરોધ કરાયો છે.

# ભેંસાણના મોરવાડા ગામે કૃષિ સેવા સહકારી મંડળીની સાધારણ સભા યોજાઈ

(પ્રતિનિધિ દ્વારા)

ભેંસાણ તા.૨૦

ભેસાણ તાલુકાના મોરવાડા ગામની કૃષિ સેવા સહકારી મંડળી લી.ની ૪૩ મી વાર્ષિક સાધારણ સભા શમંડળીના પ્રમુખ બાબુભાઈ હિરપરાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી જેમાં એમ.ડી. અમુભાઈ અમરસેડા એ સંસ્થાના હિસાબો રજૂ કરેલા હતા તેમાં મંડળીએ રૂા.૫૭.૪૭ લાખ નફો કરેલ હોવાનું જણાવ્યું હતું તેમજ સભાસદોને છેલ્લા ૨૫ વર્ષથી ૧૫% ડિવિડન્ડ આપવામાં આવે છે. ચાલુ વર્ષે જીસીસી ધિરાણ મેળવતા સભાસદોને એક ટકો વ્યાજ રિબેટ આપવાની પણ જાહેરાત કરવામાં આવેલ હતી. આ ઉપરાંત જે સભાસદનું કુદરતી કે આકસ્મિક અવસાન થાય તો તેમના વારસદારોને રૂપિયા ૨૫,૦૦૦ જેવી રકમ સંસ્થાના ભંડોળમાંથી સહાયરૂપે ચુકવવામાં આવશે.

૨આ તકે મંડળીના પૂર્વ પ્રમુખો તેમજ વ્યવસ્થાપક કમિટીના સભ્યો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આભાર વિધિ જયદેવભાઈ હુંબલે કરેલ હતી.

# ખંભાળિયામાં "સ્વચ્છતા હી સેવા" અભિયાન અંતર્ગત યોગ કેન્દ્ર ખાતે યોગ શિબિર યોજાઈ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨૦

દેશમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતતા કેળવાય તે માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સ્વચ્છતા અભિયાનનો એક દશક પૂર્વે પ્રારંભ કરાવ્યો હતો. નાગરિકો સ્વચ્છતાની મહત્તા સમજી સ્વચ્છતાને જીવન મંત્ર બનાવે તેવા ઉમદા આશયથી તા. ૩૧ ઓકટોબર સુધી સ્વચ્છતા હી સેવા અભિયાનનો શુભારંભ કરવામાં આવ્યો છે. આ અભિયાન અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વહીવટી તંત્ર દ્વારા વિવિધ આયોજન થકી સ્વચ્છ અને સુઘડ બનાવવા માટે સઘન કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જેને પગલે ગુરુવારે ખંભાળિયાના યોગ કેન્દ્ર ખાતે નગરપાલિકા દ્વારા સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત યોગ શિબિર યોજવામાં આવી હતી. આ યોગ શિબિરમાં શાળાના વિદ્યાર્થીઓએ વિવિધ યોગ અને આસનો કર્યા હતા.

# પિતૃ દેવોને પ્રસન્ન કરવા આટલી સંભાળ રાખો

સનાતન ધર્મ શાસ્ત્રોમાં પિતૃ પક્ષમાં એટલે કે શ્રાદ્ધના દિવસોમાં પોતાના પિતૃઓનું સ્મરણ અવશ્ય કરવું જોઈએ. જો તમે તમારા પિતૃ દેવતાઓને ઉદેશીને અર્પણ કરો તો બ્રહ્મચર્યનું અને તેના લગતા નિયમોનું અવશ્ય પાલન કરવું જોઈએ. તર્પણ કરવામાં શુદ્ધ જળ, કાળા તલ, જવ, દૂધ, દાભડો, ગંગાજળ, પુષ્પો, ચંદન, તુલસી વગેરે પદાર્થોનો ઉપયોગ કરવો જોઈએ.

કોઈ જાણકાર બ્રાહ્મણ પાસે પિંડદાન સહીત તર્પણ પણ કરાવી શકાય. પિતૃકાર્યમાં દર્ભ એટલે કે દાભડો ખાસ ઉપયોગમાં લેવો જોઈએ. તેના વડે પિતૃઓ જલ્દી તૃપ્ત થાય છે અને સૌને આશીર્વાદ આપે છે. શ્રાદ્ધમાં બ્રાહ્મણ ઉપરાંત કુળ ની દીકરી, કાગડા, ગાય, શ્વાન અને નમતી સાંજે કીડીઓને ખાસ ખવડાવવું જોઈએ. જેના કારણે પિતૃઓ અત્યંત પ્રસન્ન થાય છે. શ્રાદ્ધના દિવસોમાં શક્ય હોય તેટલો ભગવત સ્મરણ કરવું જોઈએ. આ દિવસોમાં શ્રી વિષ્ણુ ભગવાન ની ભક્તિ કરવાથી વિશેષ લાભ રહે છે. વિષ્ણુ સહસ્ર નામનો આ પાઠ કે શ્રીમદ ભગવત ગીતા ના સાતમા અધ્યાય નો પાઠ થાય તો સવિશેષ સારૂ.॥ ? નમો ભગવતે વાસુદેવાય ॥એ મંત્રના જાપ પણ ઉત્તમ ફળ આપે છે. પિતૃ પક્ષમાં કરાયેલા દાન, જાપ, તપ, પૂજા, પાઠ નું ઉત્તમફળ પિતૃ દેવને સંકલ્પથી અર્પણ કરવું જોઈએ. તેના વડે પણ પિતૃ દેવતાઓ પ્રસન્ન થાય છે અને તેનું વિશિષ્ટ ફળ અર્પણ કર્તા ને પ્રાપ્ત થાય છે.

આ ઉપરાંત પિતૃ દેવતાઓને પ્રસન્ન કરવા માટે અન્ય પણ ઉપાયો કરી શકાય છે. જેથી તેઓ પ્રસન્ન થઈ આપણા પર આશીર્વાદ વરસાવે છે. સનાતન ધર્મમાં પિતૃ પક્ષનું વિશેષ મહત્વ છે. જે આપણે સૌ જાણીએ છીએ. આપણે ત્યાં મૃત્યુ પામેલ વ્યક્તિનું શ્રાદ્ધ કરવું જરૂરી હોય છે. એવી માન્યતાઓ છે કે જો કોઈનું વિધિપૂર્વક શ્રાદ્ધ ન થાય તો તેના આત્માને શાંતિ મળતી નથી. પિતૃ પક્ષ ના પિતૃઓ પોતાના પરિવારના સભ્યો કે સ્વજનો ને મળવા આવે છે. આવા સમયે જો શ્રાદ્ધ કરવામાં ના આવે તો તેમના આત્માને દુઃખ થતું હોય છે. પિતૃ દેવતાઓને ઉદેશીને શ્રાદ્ધમાં કરાયેલ દરેક કર્મ પૂર્ણ શ્રદ્ધા સાથે કરવામાં આવે તો જ તેનું ઉત્તમ ફળ પ્રાપ્ત થાય છે. માટે કોઈપણ જાતની શંકા કે વહેમ રાખ્યા વિના શ્રદ્ધા અને વિશ્વાસ સાથે પિતૃ પક્ષમાં પિતૃઓને ઉદેશીને શ્રાદ્ધ કર્મ કરવું જોઈએ.

**- દેવેન કનકચંદ્ર વ્યાસ**

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

# યુપીઆઇની વધતી વૈશ્વિક માન્યતા

લગભગ એક દાયકા પહેલાં સુધી આમ આદમી માટે એ કલ્પના પણ નહોતી કરી શકાતી કે આપણો મોબાઇલ જ આપણું પર્સ કે વોલેટ બની જશે. પરંતુ વર્ષ ૨૦૧૬માં યુપીઆઇ એટલે કે 'યુનિફાઇડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ'ના લોન્ચિંગે તેને સંભવ કરી દેખાડ્યું. એમ તો ૨૦૧૬માં થયેલ નોટબંધીને કેટલાય મામલે નકારાત્મક અસર માટે પણ યાદ કરવામાં આવે છે. પરંતુ કમ સે કમ 'યુપીઆઇ' માટે તો એમ જ કહી શકાય કે આ પગલું એક રીતે વરદાન બની ગયું. હવે એક રૂપિયાથી માંડીને હજારો રૂપિયાના પેમેન્ટમાં યુપીઆઇનો ઉપયોગ ભરપૂર કરાવા લાગ્યો છે. ડિજિટલ લેવડદેવડના આંકડામાં ભારત ૧૧૭.૬ અબજ ટ્રાન્ઝેક્શન સાથે દુનિયાનો નંબર વન દેશ બની ચૂક્યો છે. ૨૦૨૧માં યુપીઆઇ પહેલી વાર દેશની સીમાઓ પાર કરીને ભૂટાન ગયું. આ દરમ્યાન એક સારી વાત એ થઈ કે તેનો ઉપયોગ ભારતથી આગળ વધીને અન્ય કેટલાય દેશોમાં થવા લાગ્યો છે. ભૂટાન, નેપાળ, સિંગાપોર, યુએઇ, મોરેશિયસ, ફ્રાન્સ અને શ્રીલંકામાં પણ યુપીઆઇને ચૂકવણીની એક પ્રણાલી રૂપે માન્યતા મળી ચૂકી છે. હજુ હાલમાં જ માલદીવે પણ તેની સાથે જોડાવાની ઘોષણા કરી છે.

યુપીઆઇની સફળતાના ચાર મુખ્ય કારણો ગણાવાય છે. તેમાં પહેલું છે સ્માર્ટફોન યુઝર્સની સંખ્યા છેલ્લા આઠ વર્ષમાં આપણા દેશમાં બેગણાથી વધારે વધી ગઈ છે. હાલમાં આ સંખ્યા ૬૦ કરોડનો આંકડો પાર કરી ચૂકી છે. યુપીઆઇની સફળતાનું એક મુખ્ય કારણ ભારતમાં સસ્તા અને આસાનીથી મળનારા સ્માર્ટફોન છે. ૨૦૧૬માં આપણા દેશમાં ડિજિટલ ટેકનિક અને મોબાઇલ ઈન્ટરનેટ સેવાઓ આમ આદમીની પહોંચમાં આવી ચૂકી હતી. એ સમયે સ્માર્ટફોનની સંખ્યા ૩૦ કરોડની આસપાસ હતી, જે હવે ૬૦ કરોડથી વધારે થઈ ગઈ છે. તેની સીધી અસર યુપીઆઇની પ્રગતિ પર પડી છે.

બીજું કારણ, આપણા દેશમાં વિશ્વના અન્ય દેશોની તુલનામાં ઈન્ટરનેટ સસ્તું હોવું પણ જરૂરી છે. ઈન્ટરનેટ ઉપલબ્ધકરાવનારી મુખ્ય કંપનીઓએ ૨૦૧૬થી ઝડપી ગતિની ઈન્ટરનેટ સેવા આફી અને તે પણ બેહદ સસ્તા ભાવે. પહેલાં એક જીબી ડેટા માટે લગભગ ૨૨૫ રૂપિયા ખર્ચ કરવા પડતા હતા. ધીમે ધીમે તે સસ્તો થવા લાગ્યો અને હાલમાં મોબાઇલ ઈન્ટરનેટ ડેટાની કિંમત ફક્ત દસ કે વીસ રૂપિયા પ્રતિ જીબી થઈ ગઈ છે. ૨૦૧૫ સુધી દરેક ભારતીય મહિનામાં સરેરાશ ૭૦૦ એમબી ડેટા ઉપયોગ થતો હતો. પરંતુ ૨૦૨૩ સુધી તે વધીને સરેરાશ ૨૧.૪ જીબી પ્રતિ મહિનો થઈ ગયો. તેનો સીધો ફાયદો યુપીઆઇને થયો. જ્યાં ઓગસ્ટ ૨૦૧૬માં યુપીઆઇ દ્વારા માત્ર ૯૩ હજાર પેમેન્ટ થયા હતા, ત્યાં જ૨૦૨૩માં ૧૧,૭૬૫ કરોડથી વધારે પેમેન્ટ થયાં.

ત્રીજું કારણ, દેશમાં સ્ટાર્ટઅપની સંખ્યા વધી તે પણ રહ્યું. ૨૦૧૬માં યુપીઆઇ શરૂ થયા બાદથી ભારતમાં ૫૦થી પણ વધુ યુપીઆઇ એપ્સ આવી ગઈ. તેનાથી ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ વધુ મજબૂત થઈ. ડિજિટલ પેમેન્ટની સ્થિતિ હવે એવી થઈ ગઈ છે કે નાનામાં નાના દુકાનદારો, ત્યાં સુધી કે રેંકડી-લારી વાળા, ફળ-શાકભાજીવાળા, રિક્ષાવાળા વગેરે પણ યુપીઆઈથી રકમ પ્રાપ્ત કરવાની વ્યવસ્થા રાખે છે.

ચોથા કારણ રૂપે ૨૦૧૬માં થયેલ નોટબંધીને પણ સામેલ કરી શકાય. નોટબંધી સંદર્ભમાં ભલે કેટલાય એવા તર્ક આપવામાં આવે કે તે સંપૂર્ણ નિષ્ફળ રહી, પરંતુ એટલું તો નક્કી છે કે તેણે દેશમાં ડિજિટલ પેમેન્ટને વ્યાપક રૂપે પ્રોત્સાહિત કર્યા. પહેલાં તો મજબૂરીમાં લોકો ડિજિટલ પેમેન્ટ સાથે જોડાયા અને પછી ધીમે ધીમે આદતમાં સામેલ થઈ ગયું. તેનાથી યુપીઆઇ દ્વારા થનારી ચૂકવણીની સંખ્યા અને માત્રામાં નિરંતર વૃદ્ધિ થતી રહી.

ભારતથી દરેક વર્ષે લગભગ ૨૫ લાખ લોકો વિદેશફરવા જાય છે. એવામાં યુપીઆઇની આસાન અને જાણીતી રીત વિદેશમાં પણ કામ આવી રહી છે. જે સાત દેશોમાં યુપીઆઇનું ચલણ શરૂ થઈ ગયું છે ત્યાં તો પર્યટકોને યુપીઆઈથી પેમેન્ટ કરવામાં આસાની થઈ રહી છે. ભારતથી બહાર રહેનારા ભારતીય પોતાના વિદેશી મોબાઇલ નંબરને ભારતીય બેંક ખાતાં (એનઆરઆઇ/એનઆરઓ) સાથે જોડીને યુપીઆઈથી પેમેન્ટ કરી શકે છે. સાથે જ વિદેશી લોકો પણ ભારત આવતાં 'યુપીઆઇ વન વર્લ્ડ એપ'થી યુપીઆઇનો ઉપયોગ કરી શકે છે.

૨૦૨૫ના અંત સુધી યુપીઆઇ વૈશ્વિક સ્તર પર સૌથી મહત્ત્વપૂર્ણ ચૂકવણી સ્વિચ બનાવવા માટે તૈયાર છે, જેનું અનુમાનિત વાર્ષિક વોલ્યૂમ લગભગ ૨૬૪ અબજ લેવડદેવડ હશે. આ ચોંકાવનારો આંકડો માસ્ટરકાર્ડ અને વિઝાના લેવડદેવડની માત્રાને પણ પાર કરી જશે, જે વૈશ્વિક ચૂકવણી પરિદૃશ્યમાં એક મહત્ત્વપૂર્ણ બદલાવને દર્શાવે છે. વસ્તુતઃ યુપીઆઇ લેવડદેવડની વૃદ્ધિ અભૂતપૂર્વ રહી છે. એકલા ૨૦૨૩માં આ લેવડદેવડ ૨૦૨૨ની તુલનામાં ૮૧ ટકાની આશ્ચર્યજનક વૃદ્ધિ સાથે ૧૧૭.૬ અબજ લેવડદેવડ સુધી પહોંચી ગઈ. મજબૂત બુનિયાદી માળખું, વાસ્તવિક સમય પ્રસંસ્કરણ ક્ષમતાઓ અને સંબંધિત બેંકો અને ફિનટેક કંપનીઓના વ્યાપક નેટવર્કે યુપીઆઇ અંતર્ગત લેવડદેવડની વધતી સંખ્યાને કુશળતાપૂર્વક સંભાળવામાં સક્ષમ બનાવ્યું છે.

યુપીઆઈએ કેટલાય પડકારોનો સામનો પણ કરવો પડી રહ્યો છે, જેમાં લેવડદેવડની સુરક્ષા અને ગોપનીયતા સુનિશ્ચિત કરવી, વધતી લેવડદેવડની માત્રાનું પ્રબંધન કરવું અને સિસ્ટમની વિશ્વસનીયતા જાળવી રાખવી સામેલ છે. તેમ છતાં વૈશ્વિક ચૂકવણીનું પરિદૃશ્ય નિઃસંદેહ નવું રૂપ લેશે, જેમાં યુપીઆઇ એક મહત્ત્વપૂર્ણ શક્તિ રૂપે ઉભરશે. નવાચાર અને પ્રતિસ્પર્ધાથી પ્રેરિત આ ચૂકવણી પ્રણાલીનું ભવિષ્ય રોમાંચક દેખાઈ રહ્યું છે.

# શ્રાદ્ધ પક્ષમાં દ્વારકા - પિંડારામાં શ્રાદ્ધ કાર્યનું વિશેષ મહત્ત્વ







(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૦

હિન્દુ ધર્માનુસાર જે લોકો દ્વારા શ્રદ્ધાથી તેમના પિતૃઓને અંજલિ આપવામાં આવે છે તેને શ્રાદ્ધ કહેવાય છે. વિક્રમ સંવતના ભાદરવા સુદ પુનમથી શ્રાદ્ધપક્ષની શરૂઆત થાય છે. જે ભાદરવા વદ અમાસ સુધી ચાલે છે. શ્રાદ્ધના સોળ દિવસના સમુહને શ્રાદ્ધપક્ષ તેમજ પિતૃતર્પણના દિવસો કહેવાય છે. યાત્રાધામ દ્વારકામાં આવેલ ગોમતી નદીના કિનારે તેમજ દ્વારકાથી ૪૫ કિમી દૂર પિંડતારક ક્ષેત્ર ગણાતા પિંડારા ગામે શ્રાધ્ધનું સવિશેષ મહત્વ રહેલું છે. શ્રાદ્ધના દિવસોમાં પિંડારામાં તેમજ દ્વારકાના ગોમતી ઘાટ પર પિંડદાનનું સવિશેષ મહત્વ રહેલું છે. દરેક મનુષ્ય ઉપર અમુક પ્રકારના ઋણ હોય છે. જે તેમણે શાસ્ત્રોકત રીતે ચુકવવાનું હોય છે. જે પૈકી એક ઋણ આપણા પિતૃઓ-પૂર્વજોનું છે. પિતૃઋણ ચુકવવા માટે શ્રાદ્ધ, તર્પણ, નિત્યતર્પણ, પીંડદાન વગેરે શાસ્ત્રોએ સૂચવેલ છે.શ્રાદ્ધ શબ્દના મૂળમાં શ્રદ્ધા રહેલી છે. શ્રધ્ધાપૂર્વક પિતૃ નિમિતે કરેલ પૂજા શ્રાદ્ધ ગણાય છે. ભાદ્રપદ માસમાં આવતા શ્રાદ્ધને મહાલય શ્રાદ્ધ કહેવામાં આવે છે. પોતાના પૂર્વજોની મૃત્યુતિથિ હોય તે ભાદ્રપદ કૃષ્ણપક્ષમાં તેમની શ્રાદ્ધની તિથિ ગણાય છે. પૂર્ણિમાના દિવસે થયેલ મૃત્યુની શ્રાદ્ધ તિથિ અમાવસ્યા ગણાય છે. શ્રાદ્ધ તિથિના દિવસે જે કાંઈપણ પૂણ્યકાર્ય થાય તે મરનાર પિતૃને પ્રાપ્ત થાય છે. તેથી શ્રાદ્ધના દિવસે જલદાન, અન્નદાન, ભૂમિદાન વગેરે શાસ્ત્રોમાં વિહિત કરેલા છે. જેમની શ્રાદ્ધ તિથિ હોય તે પિતૃને પસંદ ભાવતી વસ્તુ શ્રાદ્ધના દિવસે તૈયાર કરી બ્રાહમણ ભોજન કરાવવું. સ્કંદપુરાણ વગેરે ગ્રંથોમાં શ્રાદ્ધ માટે નિમંત્રણ કઈ રીતે આપવું, શ્રાદ્ધ દરમ્યાન શ્રાદ્ધકર્તાની તથા શ્રાદ્ધ જમનાર બ્રાહમણોની શું શું ફરજો છે તે વિસ્તૃત ચર્ચા ઉપરોકત પુરાણમાં છે. આમ વિધિવિધાનપૂર્વક કરેલા શ્રાદ્ધકર્મથી પિતૃઓ તૃપ્ત થાય અને પિતૃઓના આશિર્વાદ પ્રાપ્ત થાય છે. શ્રાદ્ધ ક્રિયાનો એક ભાગ વાસ નાખવી એ વાયસબલી છે. ભાદ્રપદ માસ એ કાગડાનો સંવર્ધન સમય છે તે વખતે કાગળા ખૂબ ભૂખ્યા થાય અને તેના કારણે કાગળાએ અનેક નાના જીવોને ખાવા પડે તેવી સ્થિતિ થાય. તેથી આપણા શાસ્ત્રકારોએ વાયસબલી એટલે કાગડાને વાસ નાખવાનું વિધાન કર્યુ. જેથી તૃપ્ત થયેલ કાગડા અન્ય જીવોની હિંસા ન કરે તેને કારણે જે પુણ્ય થયા તે મૃતક જેમનું શ્રાદ્ધ છે તેને પ્રાપ્ત થાય.

### જયાં પાંડવોએ ૧૦૮ લોખંડના પિંડ તારવ્યા તે પિંડતારક ક્ષેત્ર : પીંડારા

કલ્યાણપુર તાલુકાની સરહદે રાણ પીંડારાના નામથી ઓળખાતું પીંડારા ગામ મહાભારત કાળના પાંડવોના યુગની ઐતિહાસિક ઘટનાઓ સાથે સંકળાયેલું માનવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે મહાભારતના યુદ્ધ બાદ શ્રીકૃષ્ણની ઈચ્છાથી અને ઋષિમુનિઓની સલાહથી પાંડવોએ અહીં ૧૦૮ લોખંડના પિંડ તારવ્યા હતા. ત્યારથી આ સ્થળ પિંડતારક કહેવાયું હોવાની માન્યતા છે. એવું પણ મનાય છે કે ભગવાન શ્રીકૃષ્ણ તથા રૂકિમણીજીએ મહર્ષિ દુર્વાસાના રથને અહીંથી દ્વારકા સુધી ખેંચેલ. અત્યારે પીંડારામાં સમુદ્ર કિનારે મહર્ષિ દુર્વાસાના આશ્રમ મૈત્રક કાલિન ૭ મી સદીથી ૯ મી સદી સુધીના મંદિરોનો સમૂહ આવેલો છે. આ ઉપરાંત ગામમા તળાવને કાંઠે રાયણનું પ્રાચીન વૃક્ષ આવેલ છે જે સ્થાનીય જાણકારો દુર્વાસા ઋષિની તપસ્થલી તરીકે ૫૨૦ વર્ષથી પણ પ્રાચીન હોવાનું જણાવે છે.

### ભાદરવી અમાસે દરિયા વચ્ચે ૩ કિ.મી. દૂર આવેલા ત્ર્યંબકેશ્વર કુંડની મુલાકાત લેતાં શ્રધ્ધાળુઓ

શ્રી કૃષ્ણના સ્વધામગમન બાદ દ્વારકા નગરી સમુદ્રમાં સમાઈ ગઈ. તેની સાથે જ કચ્છના અખાતમાં પિંડારા પણ સમાયું. એવું પણ માનવામાં આવે છે કે પાંડવોએ હાલમાં કુંડથી દરિયાની અંદર આશરે ત્રણ કિમી અંદર આવેલા ત્ર્યંબકેશ્વર કુંડ ખાતે પિતૃ તર્પણ કર્યુ હતું. જયાં વર્ષમાં માત્ર એક વખત દર વર્ષે ભાદરવા માસની અમાસે દરિયામાં ઓટની પરિસ્થિતિ હોય ત્યારે માત્ર જૂજ મીનીટો માટે જ પહોંચી શકાય છે અને જોખમી ગણાતી યાત્રામાં ત્યાં પોહંચી દર્શન કરી તરત પરત ફરવું પડતું હોવા છતાં અનેક લોકો દર વર્ષે શ્રધ્ધા સાથે આ વિસ્તારના જાણકારોને સાથે રાખી આ પૌરાણિક ધરોહર સમા પ્રાચીન કુંડના અવશેષોની શ્રધ્ધાભેર મુલાકાત લેતાં હોય છે.


### દ્વારકા ક્ષેત્રમાં પિંડતારક વિધિનું વધતું મહત્ત્વ

શ્રાદ્ધ કરવા માટે સામાન્ય રીતે શ્રાધ્ધ તિર્થમાં પિંડદાન સહિતની વિધિ કરાતી જયારે દ્વારકાના સ્થાનીકો મોટે ભાગે દ્વારકાના ગોમતી ઘાટે પિંડદાનની વિધિ કરાવતા. જયારે છેલ્લા થોડા વર્ષોમાં સ્થાનીકોની સાથે સાથે બહારગામથી આવતાં ભાવિકો પણ દ્વારકાના પવિત્ર ભૂમિમાં દર્શનની સાથે સાથે શ્રાદ્ધ વિધિ પણ કરાવતાં જોવા મળી રહયા છે. ચૈત્ર, ભાદરવા, કારતકમાં વધુ પ્રમાણમાં પૂર્વજોના ઉધ્ધારની વિધિ કરાવતાં હોય છે.

આંતકવાદીઓની નવી ઓપરેન્ડીએ વિશ્વને હચમચાવ્યું ?!

# શું વિશ્વ ઉપર રેડિયો સિગ્નલ દ્વારા આંતકવાદી હુમલાના દિવસો દૂર નથી

**લેબેનોનમાં ગઈકાલે પેજર દ્વારા થયેલા હુમલાએ વિશ્વને ચોંકવી નાખ્યું ? હિઝબ્બુલના વડા દ્વારા લેબેનોનમાં એક કલાકમાં હજારો પેજર એટેક અને ઈરાનના રાજદૂતના મોત આંતકવાદી હુમલો દર્શાવે છે : શું આ ઘટના હવે વિશ્વ આંતકવાદીઓએ દુનીયા ઉપર કબ્જો જમાવ્યાનું સાબિત કરી આપ્યું !**



(સુરેશચંદ્ર ધોકાઇ દ્વારા)

ઓખા તા.૨૦

ગઈકાલે ઈઝરાઈલ હમાસ વચ્ચે ચાલતાં યુધ્ધમાં લેબેનોનમાં હિઝબુલના સમર્થકો ઉપર તેમના દ્વારા સંદેશા વ્યવહારની સુવિધા માટેના પેજર નામના ઈલેક્ટ્રોનિક ડીવાઈસમાં રહેલ લીથિયમ બેટરીમાં ઓચિંતા બેટરી બ્લાસ્ટ થવા લાગેલ અને ફક્ત એક કલાકના સમયમાં હજારો આ પ્રકારના બ્લાસ્ટ થતા અફડાતફડીનો માહોલ સર્જાયેલ અને તેમાં આઠ-નવ વ્યક્તિના મોત અને આશરે ૨૭૦૦ જેટલી વ્યક્તિઓ ઘાયલ થતા પ્રાથમિક તબક્કે જ આ ઘટના આંતકવાદી હુમલો હોવાનું જણાયેલ જે અંગે હિઝબુલ દ્વારા વધુ તપાસ હાથ ધરાતા તેમાં ઈરાનના એક રાજદૂતનું મોત થયાનું બહાર આવતા આ ઘટના આંતકવાદી હુમલાની નવી ઓપરેન્ડી રેડિયો સિગ્નલ દ્વારા ઉપકરણ (ડીવાઈસ) બનાવનાર કંપની અને રેડિયો સિગ્નલ પ્રોવાઈડ કરતી કંપનીના સાથ સહકારથી આ ઘટના શક્ય બન્યાનું આઈ.ટી. ટેક્નિશિયાનોનું પ્રાથમિક તારણ હોવાનું જણાતા વિશ્વ ચોકી ઉઠ્યાનું બહાર આવેલ છે. જો આ શક્ય હોય તો આવનારા દિવસોમાં ઉપયોગમાં લેવાતા ઈલેક્ટ્રોનિક ડીવાઈસનો ઉપયોગ માનવ જીવન માટે કેટલો ખતરનાક સાબિત થશે તે વિચારે વિશ્વ ચોંકી ઉઠવા સાથે મોટી હલચલ વ્યાપી ગયાનું જણાય છે. આવનારા દિવસોમાં મોબાઈલ, ઈન્ટરનેટ કનેક્ટેડ કોમ્પ્યુટર, ઈ.વી. મોટર કારો કે જે જી.પી.એસ. કનેક્ટેડ છે તેવી કારો, રોબોટ જેવા સાધનો શું ઈલેક્ટ્રોનિક રેડિયો વેવ દ્વારા સંચાલિત હોય માનવ જીવન માટે ખતરનાક સાબિત થશે. જેના કારણોમાં આ બધા ઈલેક્ટ્રોનિક ડીવાઈસનું ઉત્પાદન વિશ્વની પાંચ મહાસતા અને પાંચ દશ વિકસિત દેશોમાં જ થાય છે. ત્યારે દુનિયાના અન્ય અવિકસિત દેશો તો આ દેશોમાંથી આયાત કરી પોતાના દેશને વિકસિત કરવા માંગતા દેશોને હવે ફરીને બ્રિટીશ શાશન હેઠળની ગુલામી ભોગવવી પડે તે દિવસો દૂર નથી. આપણાં દેશમાં મોબાઈલ ચાઈનાના છે, ઈલેક્ટ્રોનિક રમકડાં ચાઈનાના છે.

કોમ્યુટરના પાર્ટ્સ ચાઈનાના છે, કોમ્યુનિકેશન માટે ઉપયોગમાં લેવાતા સર્વરના પાર્ટ્સ ચાઈનાના છે ત્યારે જો ભારત-ચીન વચ્ચે યુદ્ધ થાય તો આપણી હાલત શું થાય તે અંગે વિચારવાનો સમય આવ્યાનું નકારી શકાતું નથી.

## ખંભાળિયાની સરકારી હોસ્પિટલમાં જન ઔષધી કેન્દ્ર ખાતે અવેરનેસ કેમ્પ યોજાયો




(પ્રતિનિધિ દ્વારા)જામ ખંભાળિયા તા.૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૫માં જન્મદિવસ નિમિત્તે તાજેતરમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા ખાતે આવેલી સરકારી સિવિલ હોસ્પિટલમાં ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી સંચાલિત પ્રધાનમંત્રી જન ઔષધી કેન્દ્રમાં અવેરનેસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ફાર્માસિસ્ટ મયુરભાઈ કરંગીયા તેમજ હર્ષભાઈ નકુમ દ્વારા દર્દીઓને રાહત દરે મળતી દવાઓ અંગેની જાણકારી આપી, સૌને માહિતગાર કરવામાં આવ્યા હતા.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

પૃથ્વી કે આ સંસાર સત્યના બળ ઉપર જ ટકી રહ્યા છે.

- ચાણક્ય

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.અર્દીબહેસ્ત-૧૩૯૪, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, ભાદરવા વદ-૩ ત્રીજનું શ્રાધ્ધ તા.૨૦ સપ્ટેમ્બર ૨૦૨૪, શુક્રવાર, પારસી તા.૭, મુસ્લિમ તા.૧૬, અશ્વિની નક્ષત્ર, ધ્રુવ યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૬:૩૯, સૂ.અ.૬:૪૯

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઇ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: વ્યર્થ ચિંતા રહે. નોકરીયાત વર્ગને કાર્યભાર વિશેષ રહે.
વૃષભ:વ્યર્થ વાદ-વિવાદ ન કરવો હિતાવહ. કાર્યમાં વિલંબથી સફળતા મળે.
મિથુન:આવક વૃધ્ધિ થાય. કાનુની બાબતે લાભ મળે.
કર્ક: મહત્વના નિર્ણય લઈ શકશો. દિવસ આનંદભર્યો પસાર થાય.
સિંહ: મિલન-મુલાકાતમાં સફળતા મળે. વ્યાપાર-ઉદ્યોગ બાબતે ચિંતા રહે.
કન્યા: કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા મળે. સંતાનોથી સહકાર મળે.
તુલા: આર્થિક વ્યવહારોમાં સંભાળવું. સ્નેહિજનોથી સંતોષ રહે.
વૃશ્ચિક :માંગલિક પ્રસંગોનું આયોજન થાય. પરિવારજનોમાં યશ, વૃધ્ધિ રહે.
ધન: નવા આયોજનો ન કરવા હિતાવહ.
મકર: નાણાંની લેવડ-દેવડના કાર્યોમાં સફળતા મળે. આરોગ્ય બાબતે સંભાળવું.
કુંભ: આકસ્મીક ધન વ્યયના યોગ છે. વાણી સંયમ જાળવવો હિતાવહ.
મીન: આર્થિક મૂંઝવણમાંથી માર્ગ મળે. નવિન કાર્યમાં સફળતા મળે.

# જાણો શ્રાદ્ધ કરવાથી મળતા ફાયદા અને તીથી પ્રમાણે શ્રાદ્ધ કરવાના લાભ અને ઘરે બેઠા શ્રાદ્ધ કરવાથી ગયાજીમાં શ્રાદ્ધ કાર્યનું ફળ કઈ રીતના મળે

પુરાણોમાં દર્શાવાયું છે કે દેવકાર્ય કરતા પણ પિતૃકાર્ય વધારે મહત્ત્વનું છે. આજના સમય પ્રમાણે શ્રાદ્ધ કરવાથી જીવનના બધા જ દુખો માંથી છુટકારો મળે છે.પિતૃઓના આશીર્વાદ માટે પિતૃતર્પણ,પિંડદાન અને બ્રાહ્મણ ભોજન કરાવવું ઉત્તમ માનવામાં આવે છે. પુરાણોમાં જણાવ્યા પ્રમાણે શ્રાદ્ધ કરવાથી આયુષ્ય, આરોગ્ય, સંતાન, ધન, વિદ્યા, સુખ પ્રાપ્તિ થાય છે. અમાસનું શ્રાદ્ધ કરવાથી સર્વ મનોકામના સિદ્ધ થાય છે. ઘણા ખરા લોકો ગયામાં શ્રાદ્ધ કરવાનું ઈચ્છે છે પરંતુ ગુજરાતથી ગયા દૂર હોવાથી જઈ શકતા નથી તેઓએ જ્યારે ગયાજીમાં શ્રાદ્ધ કર્યાનું ફળ ઘેર જોઈતું હોય તો દરેક આપણા પુરાણ તથા પંચાંગમાં જણાવ્યા પ્રમાણે ભાદરવા સુદ ચોથને શનિવારે તારીખ ૨૧ સપ્ટેમ્બરને દિવસે શ્રાદ્ધ કરવાથી ગયાજીમાં શ્રાદ્ધ કર્યાનું ફળ મળે છે. ગરૂડ પુરાણના અનુસાર પિતૃ પૂજન(શ્રાદ્ધ કર્મ)થી સંતુષ્ટ થઈને પિતૃ મનુષ્યો માટે આયુષ્ય, પુત્ર, યશ, સ્વર્ગ, કીર્તિ, પુષ્ટિ, બળ, વૈભવ, પશુ, સુખ, ધન અને ધાન્ય આપે છે.

### જાણો કઈ તિથિનું શ્રાદ્ધ કેવું ફળ આપનારૂ છે

એકમ : એકમનું શ્રાદ્ધ કરવાથી ધન વધે છે.

બીજ : બીજનું શ્રાદ્ધ કરવાથી રાજા જેવી શક્તિ પ્રદાન થાય છે.

ત્રીજ : આ દિવસે શ્રાદ્ધ કરવાથી શત્રુ નાશ પામે છે.

ચોથ : ચોથ નું શ્રાદ્ધ કરવાથી છળકપટ દૂર થાય છે.

પંચમ : આ દિવસે શ્રાદ્ધ કરવાથી લક્ષ્મી પ્રાપ્તિ થાય છે.

છઠ્ઠ : છઠ્ઠનું શ્રાદ્ધ કરવાથી માન-સન્માન મળે છે.

સાતમ : આ તિથિનું શ્રાદ્ધ મોટા યજ્ઞો કર્યાના પુણ્યફળ આપે છે.

આઠમ : આઠમ નું શ્રાદ્ધ સમૃદ્ધિ આપનારું વપારનારૂ છે.

નોમ : આ દિવસે શ્રાદ્ધ કરવાથી માન-પ્રતિષ્ઠા વધે છે.

દશમ : દશમનું શ્રાદ્ધ સ્થિર લક્ષ્મી આપનારૂ છે.

અગિયારસ : આ દિવસનું શ્રાદ્ધ કરવાથી પાપો નાશ પામે છે.

બારસ : આ દિવસનું શ્રાદ્ધ કરવાથી અનાજ ખૂટતું નથી.

તેરસ : આ તિથિનું શ્રાદ્ધ કરવાથી વિદ્યા પ્રાપ્તિ થાય છે.

ચૌદસ : ચૌદશનું શ્રાદ્ધ કરવાથી શાંતિ મળે છે.

અમાસ : અમાસનું શ્રાદ્ધ સર્વ મનોકામના સિદ્ધ કરનારૂ છે. તથા અમાસના દિવસે પૂનમ તિથિનું શ્રાદ્ધ કરવાથી બુદ્ધિ શક્તિમાં વધારો થાય છે.

**- શાસ્ત્રી રાજદીપ જોશી(વેદાંત રત્ન)**

### રાજ્યમાં હવે નિયમોનો ભંગ કરતા વાહનચલકો માટે લાલબત્તી !

# નિયમનો ભંગ થશે તો વાહનને અટકાવ્યા વિના જ આપોઆપ ઈ-ચલણ જનરેટ થઈ જશે : સરકારનો હાઈકોર્ટમાં ખુલાસો



અમદાવાદ, તા.૨૦

વીમા કંપની દ્વારા કરવામાં આવેલી એક અરજીની સુનાવણી દરમ્યાન વીમા વગર દોડી રહેલા વાહનોનો અકસ્માત સર્જાય તો મુસાફરોને વીમો મળતો નથી તેવી રજૂઆત કરાઈ હતી. તેની સુનાવણી દરમ્યાન એવા વાહનો ઉપર અંકુશ નહિ હોવાથી હાઈકોર્ટે આરટીઓ અને પોલીસ વિભાગની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢી હતી અને રાજયના વિભાગના સચિવ, ખુદ વાહન વ્યવહાર કમિશનર, રાજયના પોલીસ મહાનિર્દેશક, આરટીઓ, ટ્રાફિક પોલીસના જવાબદાર અધિકારીને અગાઉ જવાબ રજૂ કરવા માટે હુકમ કર્યો હતો.

હાલમાં થયેલી સુનાવણી દરમ્યાન સરકાર દ્વારા જણાવાયું હતું કે, નાગરિકોની સુવિધા માટે ટ્રાફિક કે ગેરકાયદે પાર્કિંગને લઈ કોઈપણ ફરિયાદ હોય તો સ્ટેટ કમ્પ્લેઈન્ટ રિડ્રેસલ સેલ ઉભો કરવામાં આવ્યો છે. જેમાં હેલ્પલાઈન ટોલ ફ્રી નંબર૧૮૦૦૨૩૩૧૧૨૨ છે, જેની ઉપર કોઈપણ નાગરિક ફરિયાદ કરી કરી શકે છે. જે ફરિયાદનું તાત્કાલિક નિવારણ કરાશે. આ ઉપરાંત, ઈ-મેઈલ trafficgrievance@gujarat.gov.inની સુવિધા કાર્યરત કરાઈ છે. જેની ઉપર રાજયના કોઈપણ નાગરિક પોતાની ફરિયાદ કે રજૂઆત કરી શકે છે. વધુમાં સરકાર દ્વારા ઈડિટેકશન પ્રોજેકટ અમલમાં લાવવાની તજવીજ હાથ ધરાઈ છે. જેનો મુખ્ય હેતુ રાષ્ટ્રીય અને રાજય ધોરી માર્ગો ઉપરના ટોલપ્લાઝા ઉપરથી ડેટાબેઝ એકત્ર કરવામાં આવશે. નેશનલ હાઈવે ઉપરથી પસાર થતા વાહનોનું ફીટનેસ સર્ટિફિકેટ, વાહનોનું પ્રદૂષણ સહિતની બાબતોનું ચેકીંગ થશે અને જો કોઈપણ નિયમનો ભંગ થતો જણાશે તો વાહનને અટકાવ્યા વિના જ આપોઆપ ઈ-ચલણ જનરેટ થઈ જશે. આ સિવાય સરકાર દ્વારા સેન્ટ્રલાઈઝ્ડ મોનીટરીંગ પ્રોજેકટ પણ વિચારણા હેઠળ છે, જેના મોબાઈલ એપ્લીકેશન પ્રોગ્રામ મારફતે નિયમભંગ કરતા વાહનોને આઈડેન્ટીફાય કરાશે. આ સમગ્ર પ્રોજેકટનું સેન્ટ્રલ ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર ખાતે સતત નીરીક્ષણ થશે. વધુમાં, રાજયના તમામ આરટીઓ, એઆરટીઓને મોટર વ્હીકલ એકટની જોગવાઈઓ અને ટ્રાફિક રૂલ્સનું કડકાઈથી પાલન કરાવવા ચેક પોઈન્ટ ઉપર ડ્રાઈવ વધારવા અને દર સપ્તાહે સ્પેશયલ ડ્રાઈવ ચલાવવા સહિતના બાબતોમાં પણ નિર્દેશો જારી કરાયા છે.આરટીઓ અને એઆરટીઓને પોલીસ ડિપાર્ટમેન્ટના સંકલનમાં રહી અસરકારક પગલાં લેવા અને તેનું સતત ફોલોઅપ રાખવા સત્તાવાળાઓએ નિર્દેશ જારી કર્યા છે. દરમ્યાન અરજદારપક્ષ તરફથી અદાલતનું ધ્યાન દોરાયું હતું કે, સરકારના સત્તાવાળાઓ દ્વારા વિવિધ કામગીરી અને આંકડાકીય માહિતી સાથેનું ચિત્ર અદાલત સમક્ષ રજૂ કરવામાં આવ્યું છે પરંતુ વાસ્તવિકતા અને અસલ જમીની હકીકત કંઈક અલગ છે. હાઈકોર્ટના કડક નિર્દેશો છતાં શહેરમાં હજુ પણ રસ્તાઓ અને ફુટપાથ ઉપર ગેરકાયદે લકઝરી બસોનું પાર્કિંગ યથાવત્ જોવા મળી રહ્યું છે. ટ્રાફિક પોલીસ, આરટીઓ કે સ્થાનિક પોલીસ સત્તાવાળાઓ કોઈ પગલાં ભરતા નથી. સત્તાવાળાઓએ કોર્ટ સમક્ષ સાચુ ચિત્ર રજૂ કરવુ જોઈએ.અરજદારપક્ષ તરફથી માંગણી કરાઈ હતી કે, ટ્રાફિક પોલીસ કે સંબંધિત સત્તાવાળાઓ દ્વારા સ્થળ ઉપર મોટાભાગના કિસ્સામાં રોકડમાં જ દંડની વસૂલાતનો આગ્રહ રાખે છે, તેવું ના હોવું જોઈએ. પારદર્શી વહીવટ અને નાગરિકોની સુગમતા માટે ઈ-મોડથી જ દંડની વસૂલાત થવી જોઈએ. વળી, ટ્રાફિક પોલીસના સ્થાને ઘણી જગ્યાએ કરાર આધારિત જવાનો કે, માણસો ઉભા હોય છે, તેમની પાસે અધિકૃત આઈ કાર્ડ કે જે દંડની વસૂલાત કરવાની હોય તેનો કોઈ પરિપત્ર, જોગવાઈ કે પત્રકની માહિતી જ હોતી નથી, તેથી તમામ પોલીસ કર્મચારીઓ-જવાનો પાસે આઈ કાર્ડની સાથે સાથે સરકારના પરિપત્ર, જોગવાઈ કે પત્રકની માહિતી સાથે રાખવામાં આવે કે જેથી સામાન્ય જનતા સાથે ઘર્ષણના બનાવો નિવારી શકાય છે.

---

### શાળાઓમાં ફી નિયંત્રણ મામલે સતત વિવાદમાં રહેનાર FRC હવે કોલેજ માટેની પણ ફી નક્કી કરશે

# રાજ્યની શાળાઓની જેમ હવે સરકારી યુનિવર્સિટીઓ માટે FRCની રચના કરાશે

ગાંધીનગર, તા.૨૦

રાજ્યમાં ખાનગી શાળાઓ સામે ફી રેગ્યુલેશન કમિટી (FRC)ની રચના કરી ફી નિયમન માટે કાયદો લાગુ કરવામાં આવ્યો હતો. જો કે, વારંવાર વિવાદોમાં રહેતી FRCની ચોક્કસ રીતે અમલવારી નિયમ મુજબ ન થવા છતાં હવે વર્તમાન ભૂપેન્દ્ર પટેલની સરકાર દ્વારા ગુજરાતમાં ખાનગી કોલેજો ઉપર FRC રચવા માટે જાહેરાત કરવામાં આવી છે.FRC આવવાથી વિદ્યાર્થીઓને ફાયદો જરૂર થશે. પરંતુ દરેક કોર્સ માટે ઉઘાડી લૂંટ ચલાવતી ખાનગી યુનિવર્સિટીઓ ઉપર સરકાર કોઈ લગામ લગાવી શકતી નથી અને તેઓને ઉઘાડી લૂંટ ચલાવવા પ્રોત્સાહન આપવામાં આવતું હોય તેવું ચિત્ર વારંવાર ઉદભવી રહ્યું છે. અને તે અંગેની ફરિયાદો પણ સમયોતર થતો રહે છે દરમ્યાન રાજય ની સરકારી યુનિવર્સિટીઓ માટે FRC રચવાનું જણાવ્યું છેં. તેમાં ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, સરદાર પટેલ યુનિવર્સિટી, આણંદ, વીર નર્મદા દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ, બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ, ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, ભુજ, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ, ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા વગેરેનો સમાવેશ થાય છે FRC સમિતિની રચનામાં યુનિવર્સિટીના કુલપતિ ચેરમેન તરીકે અન્ય મેમ્બરનું માળયું રચાયું છે. જેમાં સુપ્રીમ કોર્ટ, પૂર્વ કુલપતિ, નેશનલાઈઝ/પબ્લિક સેકટર બેંકના નિવૃત્ત જનરલ મેનેજર, જેતે યુનિવર્સિટીને અગાઉ ઓડિટ કે નોન ઓડિટ સેવાઓ પ્રદાન નથી કરી તેવા ચાર્ટડ એકાઉન્ટન્ટ તથા કુલસચિવ સભ્યો તરીકે અને ફાઈનાન્સ એન્ડ એકાઉન્ટ ઓફિસર મેમ્બર સેક્રેટરી તરીકે રહેશે ગુજરાત સરકારના નવા સ્ટેચ્યુટ મૂજબ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સહિત રાજયની ૧૧ સરકારી વિશ્વ વિદ્યાલયોમાં શાળાઓની માફક ફ્ઈઝ એટલે કે, ફી નિયમન સમિતિની રચના કરવામાં આવશે. જેમાં એન્જિનિયરિંગ અને મેડિકલ સહિતના ટેક્નિકલ સિવાયના નોન ટેક્નિકલ કોર્સ જેવા કે બીએ, બીકોમ, બીએસસી, બીબીએ, બીસીએ સહિતના કોર્સની ફી જે-તે યુનિવર્સિટી કક્ષાએ કુલપતિની અધ્યક્ષતાવાળી કમિટી કરશે. સામાન્ય રીતે શાળાઓ માટેની અને રાજય કક્ષાએ ફી રેગ્યુલેશન માટે જે કમિટી રચવામાં આવી તેમાં નિવૃત્ત જજ ચેરમેન હોય છે. જ્યારે યુનિવર્સિટી કક્ષાએ ચાલતા કોર્સ માટે સૂચવવામાં આવેલી FRCમાં જે-તે યુનિવર્સિટીના કુલપતિને ચેરમેન તરીકે રાખવાની જોગવાઈ કરાઈ છે.

---

## ગીર અભ્યારણ્ય વિસ્તારમા પ્રવાસીઓ લૂંટાતા હોવાથી માનવાધિકાર આયોગે વન વિભાગ પાસે માંગ્યો ખુલાસો

અમદાવાદ,તા.૨૦

ગુજરાતના ગૌરવ સમાન ગીર અભ્યારણ્ય વિસ્તારમાં સિંહ જોવા માટે જંગલ સફારીનું આયોજન વન વિભાગ દ્વારા કરવામાં આવતું હોય છે. તેમાં ભાગ લેવા માટે સરકારની વેબસાઈટ ઉપર ઓનલાઈન બુકિંગ ફરજિયાત રીતે કરવાનું હોય છે ત્યારે કેટલીક ખાનગી વેબસાઈટ દ્વારા જાણે કે સરકારી વેબસાઈટ હોય તેમ દેખાવ અને નામ ઊભા કરીને બુકિંગનાં નામે બમણી ફી લેવામાં આવતી હોવાની મુદ્દો ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ સમક્ષ પહોંચ્યો છે. તાજેતરમાં ગુજરાત રાજય માનવ અધિકાર આયોગે આ બાબતે સુઓમોટો સંજ્ઞાન લઈ ગીર લાયન સફારી અને ગીર રાષ્ટ્રીય ઉદ્યાન પ્રવાસન સ્થળોની આસપાસની અન્ય પ્રવૃત્તિઓનું ઓનલાઈન બુકીંગ લેવા મામલે વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને ખાનગી વેબસાઈટ ઓપરેટરો પાસેથી ખુલાસો માંગ્યો છે. ગીર નેશનલ પાર્ક અને ગીર ઓનલાઈન બુકીંગએટજીમેલ.કોમ વેબસાઈટ ઉપર ગીર સફારી માટે વન વિભાગની કોઈપણ અધિકૃત પરવાનગી વિના બુકીંગ લેવા અને પ્રવાસીઓ પાસેથી વધુ પડતા પૈસા ઉઘરાવવા અંગેની મૌખિક ફરિયાદ બાદ ગુજરાત રાજય માનવ અધિકાર પંચે આ આદેશ કર્યો હતો. આયોગના અધ્યક્ષ ડો. જસ્ટિસ કૌશલ જે.ઠાકર દ્વારા જારી હુકમમાં અન્ય ખાનગી પોર્ટલ્સને પણ આવરી લેવાયા છે. આયોગે જણાવ્યું હતું કે, ગીર નેશનલ પાર્કની તમે વેબસાઈટ લોન્ચ કરી છે અને વનવિભાગે વાહન ફાળવ્યું છે અને તમે પ્રવાસીઓને જે પેમેન્ટ લિન્ક આપી છે, તેમાં તફાવતવાળી રકમ્ા ચૂકવવા જણાવ્યું છે તો એ બાબતનો તાત્કાલિક ખુલાસો કરો કે, વનવિભાગમાંથી તમને કોણે આવા બુકીંગ માટે અધિકૃત કર્યા છે..? વનવિભાગની પૂછપરછમાં અને જાણવા મળ્યુ છે કે, તમને આવા બુકીંગ લેવાની કોઈ સત્તા જ નથી.

---

# મધ્યપ્રદેશમાં ટ્રેઈની આર્મી ઓફિસરો લૂંટાયા, મહિલા મિત્ર સાથે ગેંગરેપ


(એજન્સી) તા.૨૦

મધ્ય પ્રદેશના ઈન્દોર જિલ્લામાંથી એક ચોંકાવનારા સમાચાર સામે આવી રહ્યા છે. મંગળવારે મોડી રાત્રે પિકનિક મનાવવા ગયેલા બે યુવાન આર્મી જવાનો અને તેમની બે મહિલા મિત્રો પર બદમાશો દ્વારા કથિત રીતે હુમલો કરવામાં આવ્યો હતો. તેમાંથી એક મહિલા સાથે ગેંગરેપ થયો હોવાના સમાચાર પણ સામે આવી રહ્યા છે. આર્મીના જવાનો સાથે થયેલી આ ઘટનાથી દરેક લોકો હેરાન રહી ગયા છે. પોલીસે આ સમગ્ર મામલે કેસ નોંધી લીધો છે અને બદમાશોની તલાશ શરૂ કરી દીધી છે. ઈન્દોર જિલ્લામાં પિકનિક મનાવી રહેલા બે આર્મી જવાનો અને તેમની બે મહિલા મિત્રો ઉપર હુમલો થયો અને તેમાંથી એક મહિલા સાથે ગનપોઈન્ટ પર ગેંગરેપ કરવામાં આવ્યો છે. આ મામલે પોલીસે જણાવ્યું કે, બન્ને આર્મી જવાનો મહૂ છાવણી શહેરના ઈન્ફન્ટ્રી સ્કૂલમાં 'યંગ ઑફિસર્સ' (YO) કોર્સ હેઠળ તાલીમ લઈ રહ્યા છે. તેઓ તાજેતરમાં પોતાની બે મહિલા મિત્રો સાથે પિકનિક મનાવવા માટે ગયા હતા. પોલીસે જણાવ્યું કે, મંગળવારે મોડી રાત્રે લગભગ ૨:૦૦ વાગ્યે કેટલાક અજાણ્યા લોક મહૂ-મંડલેશ્વર માર્ગ પર સ્થિત પિકનિક સ્પોટ ઉપર પહોંચ્યા. તેમણે કારમાં બેસેલા એક જવાન અને મહિલાઓને માર મારવાનું શરૂ કરી દીધું. બીજો જવાન કારથી થોડે દૂર હતો તેણે કોઈક રીતે પોતાના વરિષ્ઠ અધિકારીઓને ઘટનાની જાણ કરી. ત્યારબાદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી. પોલીસને જોઈને બદમાશો ત્યાંથી ભાગી ગયા હતા. પોલીસ ચારેય પીડિતોને મેડિકલ તપાસ માટે મહુ સિવિલ હૉસ્પિટલમાં લઈ ગઈ હતી. અધિકારીઓએ જોયું કે મહિલાના શરીર ઉપર ઈજાના નિશાન હતા. મેડિકલ તપાસ બાદ જાણવા મળ્યું કે બદમાશોએ મહિલા સાથે દુષ્કર્મ આચર્યું છે. પોલીસે જણાવ્યું હતું કે લૂંટ, દુષ્કર્મ અને હથિયાર સાથે સબંધિત (BNS) કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. ચાર પોલીસ સ્ટેશનના કર્મચારીઓએ બદમાશોની શોધ શરૂ કરી છે.

---

# પુનઃ પ્રાપ્ય ઊર્જા એ માત્ર વિકલ્પ નથી પણ આજના સમયની જરૂરિયાત : ઉપરાષ્ટ્રપતિ

**પૃથ્વી ઉપરના પ્રાકૃતિક સંસાધનો બધા માટે છે પણ અતિલોભ કરીશું તો વિનાશ નોતરીશું : ધનખડ, વડાપ્રધાનના વન સન, વન અર્થ, વન ગ્રીડના વિઝનને આ સમિટ નવી દિશા આપશે : CM**



ગાંધીનગર, તા.૨૦

ભારત સરકારના નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય દ્વારા આયોજિત "RE INVEST2024" સમિટનો સમાપન સમારોહ તાજેતરમાં ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડની અધ્યક્ષતામાં યોજાયો હતો. મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજાયેલા સમાપન સમારોહમાં ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી, પંજાબના રાજ્યપાલ ગુલાબચંદ કટારીયા, રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ કેન્દ્રીય નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રી પ્રલ્હાદ જોશી ઉપસ્થિત રહ્યા હતા.

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે RE INVEST-2024ના સમાપન સમારોહમાં રિન્યુએબલ એનર્જી ક્ષેત્રના મહત્વ અંગે વાત કરતા જણાવ્યું હતું કે, કલાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગના આ સમયગાળામાં પુનઃ પ્રાપ્ય ઊર્જા એ માત્ર વિકલ્પ નથી, પરંતુ આજના સમયની જરૂરિયાત છે. કારણ કે, તેની સાથે સમગ્ર જીવસૃષ્ટિનું અસ્તિત્વ સંકળાયેલું છે. પર્યાવરણનું જતન કરીને સમગ્ર વિશ્વને બચાવવા માટે રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે ભારતે વૈશ્વિક મહાયજ્ઞનું આહ્વાન કર્યું છે, જેમાં પુનઃ પ્રાપ્ય ઊર્જાને અપનાવીને દરેક નાગરિક આહુતિ આપે.

RE INVEST એકઝીબીશનમાં આ વિશ્વને વધુ જીવવાયોગ્ય અને રહેવાલાયક સ્થળ બનાવવા માટે વૈશ્વિક સ્તરના ઉપાયો દર્શાવતા પ્રદર્શનો રજૂ કરવામાં આવ્યા છે. જેમાં ૨૦૦થી વધુ કંપનીઓએ ભાગ લીધો છે. અત્રે ઉલ્લેખનીય છે કે નવીકરણીય ઊર્જા એ માત્ર વિકલ્પ નથી, પરંતુ માનવજીવનના અસ્તિત્વ માટે મહત્વની જરૂરિયાત છે, તેવો નિષ્કર્ષ વિશ્વભરના રાજદ્વારીઓ દ્વારા તારવવામાં આવ્યો છે. પરિણામે RE INVEST સમિટ રિન્યુએબલ એનર્જી ક્ષેત્રના વિકાસ માટેનું સૌથી શક્તિશાળી માધ્યમ બનશે, તેવો ઉપરાષ્ટ્રપતિએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. પૃથ્વી ઉપરના પ્રાકૃતિક સંસાધનો બધા માટે છે, પણ તેનો ઉપયોગ કરવામાં અતિલોભ કરીશું, તો વિનાશ નોતરીશું, તેમ જણાવતા તેમણે જણાવ્યું હતું કે, કલાઈમેટ ચેન્જ અત્યારે જીવસૃષ્ટિના અસ્તિત્વ માટે સૌથી મોટો પડકાર છે. પૃથ્વી સિવાય જીવસૃષ્ટિ માટે અન્ય કોઈ ગ્રહ ન હોવાથી, આ સમસ્યાઓને પહોંચી વળવા ઉપરાંત આપણી પાસે કોઈ વિકલ્પ નથી. ભાવી પેઢીને સુંદર વિશ્વ આપવું એ આપણી સૌની જવાબદારી છે. આજદિન સુધી માનવજાતે વૈશ્વિક સંપદાને જે નુકશાન પહોંચાડ્યું છે, તેના પ્રત્યે હવે નાગરિકોમાં જાગૃતિ કેળવાઈ છે. પરિણામે ધરતીને બચાવવાના આ મહાયજ્ઞમાં દરેક નાગરિકે આહુતિ આપવાની છે અને આ માટે સૌએ એક સૈનિકની જેમ કામ કરવાનું છે, તેમ તેમણે જણાવ્યું હતું. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે રિ-ઈન્વેસ્ટના કહ્યું હતું કે, વર્તમાનમાં ગ્લોબલ વૉર્મિંગ એક ગ્લોબલ વૉર્નિંગ છે ત્યારે રિન્યુએબલ ઊર્જાના ક્ષેત્રમાં ત્રણ દિવસ દરમ્યાન થયેલું વૈશ્વિક ચિંતન યોગ્ય સમયે, યોગ્ય દિશાનું ચિંતન છે. ભારત વિશ્વ કલ્યાણની વિભાવના સાથે પ્રગતિના પંથે અગ્રેસર છે, ત્યારે ગુજરાત રિન્યુએબલ ઊર્જાના ક્ષેત્રમાં 'લીડર'ની ભૂમિકા ભજવી રહ્યું છે. ભૌતિક ઉન્નતિના માર્ગે આપણે પ્રકૃતિનું ભયંકર શોષણ કર્યું છે. ગ્લોબલ વૉર્મિંગ સ્વરૂપે આપણે તેના ગંભીર દુષ્પરિણામો ભોગવી રહ્યા છીએ. તેમણે કહ્યું કે ઊર્જા જ વિકાસનો આધાર છે. સૂર્ય, પવન, હાઈડ્રો અને ગ્રીન હાઈડ્રોજન ઊર્જાના ક્ષેત્રમાં થયેલું ચિંતન સમસ્ત જગતના કલ્યાણ માટેનું ચિંતન છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે 'ઈન્વેસ્ટ-ઈનોવેટઈન્સ્પાયર'ના મંત્ર સાથે યોજાયેલી ચોથી ઈઈ ઈન્વેસ્ટ સમિટ 'વસુધૈવ કુટુંબકમ'ને સાકાર કરવા સાથે વડાપ્રધાને આપેલા 'વન સન, વન અર્થ, વન ગ્રીડ'ના વિઝનને વેગ આપશે તેવો વિશ્વાસ આ સમિટના સમાપન પ્રસંગે વ્યકત કર્યો હતો. મુખ્યમંત્રીએ કહ્યું કે, વડાપ્રધાને ફોસિલ ફયુઅલ ઉપરની નિર્ભરતા ઘટાડીને પર્યાવરણ સંરક્ષણ અને ઊર્જા સુરક્ષા તથા ગ્રીન એનર્જીના નવતર આયામો આપ્યા છે. આના પરિણામે જ ગુજરાત દેશના વિકાસનું ગ્રોથ એન્જિન સાથે રિન્યુએબલ કેપિટલ બનવા તરફ આગળ ધપી રહ્યું છે. ગયા વર્ષે રાજ્યમાં અંદાજે ૬૨ હજાર મિલિયન યુનિટ જળ વિદ્યુત ઉત્પાદન થયું છે. ઉત્તમ જળ વ્યવસ્થાપનને કારણે પમ્પ્ડ હાઈડ્રો પ્રોજેક્ટ શક્ય બન્યા છે અને રાજ્ય સરકારે આ હેતુસર ૫૦ સ્થળો આઈડેન્ટીફાય કર્યા છે. કેન્દ્રીય નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રી પ્રલ્હાદ જોશીએ જણાવ્યું હતું કે, ગ્રીન એનર્જી ક્ષેત્રને આગળ ધપાવવા માટે વડાપ્રધાનની અડગ પ્રતિબદ્ધતા ભારતને વધુ ટકાઉ ભવિષ્ય તરફ આગળ વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. તેમના દૂરંદેશી નેતૃત્વ અને અવિરત માર્ગદર્શનથી ભારતે આજે રિન્યુએબલ એનર્જી ક્ષેત્રોના વિકાસને ગ્લોબલ મૂવમેન્ટ બનાવી છે. ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ જેવી પહેલ થકી અનેક દેશોને એક જ પ્લેટફોર્મ ઉપર લાવી, વડાપ્રધાને વૈશ્વિક રિન્યુએબલ એનર્જીના પ્રયાસોમાં ભારતને મોખરાના સ્થાને પહોંચાડ્યું છે. પરિણામે આજે સમગ્ર વિશ્વ રિન્યુએબલ એનર્જીના ક્ષેત્રમાં ભારત તરફ આદરપૂર્વક જુએ છે.

---

# બિહારની દીકરીની કમાલ, ગૂગલે ૬૦ લાખનું પેકેજ ઓફર કર્યું

ભાગલપુર, તા.૨૦

પોતાની પ્રતિભાનું મુલ્ય આજે નહીં તો કાલે પણ મળવાનું ચોક્કસ છે. આવા પ્રસંગો આપણને સાંભળવા મળતા હોય છે. અને આવું જ એક ઉદાહરણ તાજેતરમાં બિહારમાં જોવા મળ્યું છે. હકીકતમાં બિહારના ભાગલપુરની દીકરીને ગૂગલે ૬૦ લાખ રૂપિયાનું પેકેજ આપ્યું છે, જે બાદ તેના પરિવારના સભ્યો અને સંબંધીઓમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ગૂગલમાં નોકરી મેળવીને બિહારની અલંકૃતા સાક્ષીએ તે બધા લોકો માટે એક નવી મિશાલ બની છે. અલંકૃતા એ દીકરીઓને પણ નવી દિશા આપવાનું કામ કર્યું છે, જે જીવનમાં આગળ વધીને કંઈક કરવા માંગે છે.અલંકૃતા સાક્ષી બિહારના ભાગલપુર જિલ્લાના નવગાચિયા તાલુકાની સિમરા ગામની રહેવાસી છે. અલંકૃતાના પિતા શંકર મિશ્રા હાલમાં ઝારખંડના કોડરમામાં રહે છે. તેઓ કોડરમાની એક ખાનગી કંપનીમાં નોકરી કરે છે. તેની માતા રેખા મિશ્રા એક ખાનગી શાળામાં શિક્ષિકા છે. તેમના માતા-પિતા કોડરમા રહેતા હોવાથી તેમનું બાળપણ પણ ત્યાં જ વીત્યું હતું. અલંકૃતાએ કોડરમાથી દસમું ધોરણ પાસ કર્યું હતું. ત્યાર બાદ તેણે ૧૨માં ધોરણમાં કોડરમા આવેલી જવાહર નવોદય વિદ્યાલયમાં પ્રવેશ મેળવ્યો. અને એ પછી તેણે હજારીબાગમાંથી B.Techની ડિગ્રી મેળવી હતી. B.Tech કર્યા પછી અલંકૃતા સાક્ષીને બેંગલોરમાં નોકરી મળી હતી. તેથી તે એ પછી તે બેંગલુરૂમાં રહેવા ગઈર હતી. અહીં તેણે અલગ અલગ મલ્ટીનેશનલ કંપનીઓમાં કામ કર્યું. આ સમય દરમ્યાન તેણે ગૂગલમાં નોકરી માટે પણ અરજી કરી હતી. તે પછી કંપની દ્વારા તેનું કામ જોવામાં આવ્યું અને ઈન્ટરવ્યુ કરવામાં આવ્યો જેમા તેને સિલેક્ટ કરવામાં આવી હતી. અને તેને ૬૦ લાખ રૂપિયાનું પેકેજ આપવામાં આવ્યું છે. અલંકૃતાના લગ્ન વિશે વાત કરીએ તો, ભાગલપુર જિલ્લાના પોથિયા ગામના મનીષ કુમાર સાથે થયા છે. મનીષ બેંગ્લોરની એક સોફ્ટવેર કંપનીમાં કામ કરે છે. અલંકૃતાના સસરા રાજીવ નયન ચૌધરી હેડ કલાર્ક તરીકે કામ કરે છે. અલંકૃતાની પસંદગી બાદ તેના ગામમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. દરેક લોકોનું કહેવું છે કે, ગૂગલ જેવી કંપનીમાં સિલેકશન થવુ તે ગર્વની વાત છે.

---

## ભારતમાં દિલ્હી બાદ બીજો મંકીપોક્સનો કેસ નોંધાયો

નવી દિલ્હી, તા.૨૦

ભારતમાં દિલ્હી બાદ બીજો મંકીપોક્સનો કેસ નોંધાયો છે. આરોગ્ય અધિકારીઓએ જણાવ્યું હતું કે, કેરળના મલપ્પુરમમાં ૩૮ વર્ષીય વ્યક્તિમાં એમપોક્સના કેસની પુષ્ટિ થઈ છે. દુબઈથી પરત ફરેલા એક યુવકને એમપોક્સના લક્ષણોને કારણે કેરળના મલપ્પુરમ જિલ્લામાં મંજરીની સરકારી મેડિકલ કોલેજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. થોડા દિવસો પહેલાં કેરળના મલપ્પુરમ જિલ્લામાં દુબઈથી પરત આવેલા એક વ્યક્તિમાં મંકીપોક્સના લક્ષણો જોવા મળ્યા હતા. જે બાદ યુવકને સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. દિલ્હી પછી કેરળમાં આ કેસ ભારતમાં આ રોગનો બીજો કેસ હશે. રાજ્યના સ્વાસ્થ્ય મંત્રી વીણા જ્યોર્જે માહિતી આપી હતી કે, આ વ્યક્તિએ લક્ષણો જોયા બાદ પરિવારથી દૂર રહેવાનો નિર્ણય લીધો છે. તેમના નમૂનાઓ પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા હતા અને રિપોર્ટની રાહ જોવાઈ રહી હતી. જિલ્લા આરોગ્ય અધિકારીના જણાવ્યા અનુસાર આ વ્યક્તિ દુબઈથી કેરળ આવ્યો હતો અને બીમાર પડતાં તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. બાદમાં તેને મંજેરી મેડિકલ કોલેજમાં દાખલ કરવામાં આવ્યો હતો. મંકીપોક્સ ચેપની શંકાને કારણે તેના નમૂનાઓ પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા હતા.

### આઈ.સી.ડી.એસ. શાખા મહાનગરપાલિકા જૂનાગઢ દ્વારા

# ‘૭ મો રાષ્ટ્રીય પોષણ માહ-૨૦૨૪’ ની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમો







જૂનાગઢ તા. ૨૦

રાષ્ટીય પોષણ માહ-૨૦૨૪ની ઉજવણી અંતર્ગત આઈ.સી.ડી.એસ. શાખા મહાનગરપાલિકા જૂનાગઢ દ્વારા રોજબરોજ અલગ-અલગ પ્રવૃતિઓ હાથ ધરી લોકોમાં પોષણ અને આરોગ્ય પ્રત્યે જાગૃતતા લાવવા માટે વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. ભારત સરકાર તેમજ ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા ૧૫ થી ૧૮ વર્ષની કિશોરીઓનું પોષણ-પોષણ સિવાયની બાબતોમાં સશક્તિકરણ, કિશોરીઓમાં એનિમિયા, બાળલગ્ન , કુપોષણમાં ઘટાડો, જીવન કૌશલ્યો, સોશ્યલ મિડીયા, વ્યવસાયિક કુશળતા અને કિશોરીઓના કાયદાકીય જ્ઞાનમાં વધારો તેમજ સ્થાનિક ઉપલબ્ધ જાહેર સેવાનો લાભ અપાવવો, તદ્દુપરાંત કિશોરીઓને અસર કરતી તમામ બાબતો માટે દરેક સ્તરે હકારાત્મક વાતાવરણ ઉભું કરવા આંગણવાડી કેન્દ્રો ખાતે **PURNA SCHEME (Prevention of Undernutrition and Reduction in Nutritional Anaemia)** અમલીકરણમાં છે. પોષણ માહ અંતર્ગત વિવિધ પ્રવૃતિનું આયોજન કરી જન આંદોલન દ્વારા લોકોને પોષણ અંગે જાગૃત કરવા પ્રયાસો હાથ ધરવામાં આવે છે. ૧૫ થી ૧૮ વર્ષની કિશોરીઓમાં કુપોષણ ન રહે તેમજ કિશોરીઓમાં એનિમિયાનું પ્રમાણ ઘટાડવા ગઈકાલ તા.૧૯/૦૯/૨૦૨૪ ના રોજ આઈ.સી.ડી.એસ. શાખાના તાબા હેઠળના તમામ આંગણવાડી કેન્દ્ર ખાતે પુર્ણા-યોજના અંતર્ગત નોંધાયેલ કિશોરીઓનું એનેમિયાની થીમ આધારિત સેશનનું આયોજન કરવામાં આવેલ હતું.

આ તકે આંગણવાડી કાર્યકર, મુખ્ય સેવિકા બહેનો તેમજ પુર્ણા કન્સલટન્ટ દ્વારા કિશોરીઓને એનિમિયા તેમજ કુપોષણ નાબુદી અંગે વિસ્તૃત માહિતગાર કરવામાં આવેલ હતી તેમજ કિશોરીઓને નજીકના અર્બન હેલ્થ સેન્ટર તેમજ સિવિલ હોસ્પીટલ ખાતે રીફર કરી કિશોરીઓનું એચ.બી તેમજ હેલ્થ ચેકઅપ કરાવવામાં આવેલ હતું. સમગ્ર પોષણ માસની તમામ ઉજવણીનું સફળ સંચાલન આઈ.સી.ડી.એસ. શાખાના પ્રોગ્રામ ઓફીસર વત્સલાબેન દવેના માર્ગદર્શન હેઠળ આઈ.સી.ડી.એસ.ની ટીમ દ્વારા કરવામાં આવે છે.

### સ્વચ્છતા હી સેવા પખવાડિયાની ઉજવણી કાર્યક્રમ અંતર્ગત

# ગુજરાત રાજ્ય યોગબોર્ડ અને જૂનાગઢ મનપા દ્વારા મોતીબાગ ખાતે સફાઈ અભિયાન હાથ ધરાયું

### શહેરમાં વિવિધ જગ્યા પર સ્વચ્છતા હી સેવા અંતર્ગત શેરી નાટક યોજવામાં આવ્યા






જૂનાગઢ તા. ૨૦

૨ જી ઓક્ટોબર મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી નિમિતે શ્રદ્ધાંજલિ અર્પણ કરવા સમ્રગ ભારતના સ્વચ્છતા માટેના જન આંદોલનની ઉજવણી કરવામાં આવે છે, તેમજ આ દિવસને સ્વચ્છ ભારત દિવસ (SBD) તરીકે ઉજવવામાં આવે છે. સ્વચ્છતા માટેના સ્વૈચ્છિક અને સામુહિક પ્રયાસોને મજબુત કરવા "સ્વચ્છતા હી સેવા" પખવાડિયાની ઉજવણી કરવામાં આવી રહી છે. આ કાર્યક્રમ કમિશ્નર ડો.ઓમ પ્રકાશ (IAS)ના માર્ગદર્શન અને નાયબ કમિશનર એ.એસ. ઝાપડા (GAS), આસિ.કમિશનર જયેશભાઈ પી. વાજા તથા સેક્રેટરી અને સેનીટેશન સુપ્રિટેન્ડેન્ટ કલ્પેશ ટોલીયાની સુચના મુજબ સુપરવાઈઝર રાજેશભાઈ ત્રિવેદી, ધર્મેશભાઈ ચુડાસમા, મનીષભાઈ દોશી અને ભરતભાઈ ગૌસ્વામી દ્વારા શહેરમાં દૈનિક જુદી જુદી થીમ સાથે ખાસ સફાઈ અભિયાન શરૂ કરવામાં આવેલ છે. જેમાં ગઈકાલે તા.૧૯/૦૯/૨૦૨૪ ગુજરાત રાજ્ય યોગબોર્ડ અને મહાનગરપાલીકા, જૂનાગઢ દ્વારા મ્યુનિસિપલ કોર્ડીનેટર યોગ કોચ વૈશાલીબેન ચુડાસમા અને યોગ સાધકો દ્વારા મોતીબાગ ખાતે આવેલ એગ્રીકલ્ચર યુનિવર્સીટીના કેમ્પસ અને ગાર્ડનમાં સફાઈ અભિયાન યોજવામાં આવેલ છે. આ સફાઈ અભિયાનમાં શહેરના જાહેર શૌચાલયો, બાગ-બગીચામાં સફાઈ અભિયાન તેમજ શાળાઓમાં કચરાનું વર્ગીકરણ અને સ્વચ્છતા શપથ લેવડાવવામાં આવ્યા હતા. આ તકે પ્રતિબંધિત પ્લાસ્ટિક વિષેની જાણકારી આપવામાં આવી હતી. શહેરમાં વિવિધ જગ્યા ઉપર "સ્વચ્છતા હી સેવા" અંતર્ગત શેરી નાટક પણ યોજવામાં આવ્યા હતા.

# જૂનાગઢમાં સૌ પ્રથમવાર કરાઓકે રાસ-ગરબા ગાયન સ્પર્ધાનું આયોજન

જૂનાગઢ તા. ૨૦

સ્વપ્ન યુવા વિકાસ મંડળ અને લીનાબહેન ભટ્ટની સિદ્ધ મ્યુઝીકલ કરાઓકે એકેડમી દ્વારા જૂનાગઢમાં સૌ પ્રથમવાર રાસ ગરબા માટે કરાઓકે ગાયન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કરાઓકે ટ્રેક ઉપર ગુજરાતી રાસ ગરબાનું કોઈપણ સોંગ ગાઈ શકાશે અને ૧૬ વર્ષથી ઉપરની ઉમરનાં જૂનાગઢ શહેરનાં કોઈપણ ગાયક વિનામૂલ્યે ભાગ લઈ શકે છે. મેલ-ફીમેલ કેટેગરીમાં પ્રથમ ૩ વિજેતાઓને શીલ્ડ અને દરેક સ્પર્ધકોને સર્ટીફીકેટ આપીને સન્માનિત કરવામાં આવશે. આ સ્પર્ધા તા.૨૯/૦૯/૨૦૨૪ ના રોજ સિધ્ધ મ્યુઝિક કરાઓકે એકેડમી, હરીવાડી, દોમડીયાવાડીની બાજુમાં, જૂનાગઢ ખાતે રાખવામાં આવેલ છે.

ફોર્મ ભરીને આપવાની છેલ્લી તારીખ ૨૬/૦૯/૨૦૨૪ રહેશે. ફોર્મ મેળવવા તથા ભરીનો પરત આપવા માટે ૧.જયભવાની જ્વેલર્સ, ચોકસી બજાર, જૂનાગઢ, ૨. ચામુંડા લચ્છી શોપ, સુદર્શન એપાર્ટમેન્ટ, ગાયત્રી સ્કૂલ સામે, ઝાંઝરડા રોડ, જૂનાગઢ, ૩.સૌરાષ્ટ્ર ડેવલોપર્સ, સેન્ટ્રલ પ્લાઝા કોમ્પ્લેક્ષ, 1st ફ્લોર, ઓફીસ નં. ૧૪૫, આંગન પાર્કની પાસે, મધૂરમ બાયપાસ રોડ, જૂનાગઢનો સંપર્ક સાધવાનો રહેશે.

આ અંગેની વધુ માહીતિ માટે હર્ષદભાઈ વાજા (મો.૭૪૦૫૭૪૦૩૦૯)નો સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

# જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા જાહેરમાં ઘાસચારો વેચતા ઈસમ સામે કાયદેસરની કાર્યવાહી કરાઈ

### મહાનગરપાલિકા, જૂનાગઢની કેટલ પાઉન્ડ શાખા દ્વારા શહેરમાં જાહેર રસ્તા પરથી ગૌવંશ પકડવાની કામગીરી કાર્યરત

જૂનાગઢ તા. ૨૦

જૂનાગઢ મનપાના કમિશ્નર ડો.ઓમ પ્રકાશની સુચના મુજબ નાયબ કમિશ્નર એ.એસ. ઝાંપડા અને આસી.કમિશ્નર જયેશભાઈ વાજાના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ મહાનગરપાલિકા હદ વિસ્તારમાંથી રખડતા ભટકતા અને જાહેર માર્ગો ઉપર અડચણરૂપ થતા ગૌવંશને અટકાવવા અને જાહેરમાં અનધિકૃત ઘાસચારો વેચતા ઈસમોને પકડવા માટે જૂનાગઢ મહાનગરપાલિકાના પ્રોજેક્ટ ઓફિસર એચ.કે.ચુડાસમા અને કેટલ પાઉન્ડ સુપરવાઈઝર રાજેશભાઈ પરમારના સુપરવિઝન હેઠળ તા.૧૯/૦૯/૨૦૨૪ના રોજ શહેરમાંથી ૨૦ ગૌવંશ પકડવામાં આવ્યા હતા અને ૧૮ ગૌવંશને સરકારશ્રીની ગૌ પોષણ યોજના હેઠળ લાભ મેળવતી અન્ય ગૌ શાળામાં મોકલવામાં આવ્યા હતા. તેમજ ગિરનાર દરવાજા પાસે જાહેરમાં અનધિકૃત ઘાસચારો વેચતા ઈસમ પર જાહેરનામાનો ભંગ કરવા બદલ ફરિયાદ દાખલ કરી ઘાસચારો તથા રેકડી જપ્ત કરવામાં આવી હતી. આગામી દિવસોમાં પણ મહાનગરપાલિકા, જૂનાગઢ દ્વારા શહેરમાં ગૌવંશ પકડવાની તથા અનધિકૃત રીતે શહેરમાં ઘાસચારા વેચાણકર્તા સામે કાર્યવાહી કરવામાં આવશે.

# સેવા સેતુ કાર્યક્રમમાં ઘર આંગણે આયુષ્યમાન કાર્ડની સેવા મળતા સરકારશ્રીનો આભાર વ્યક્ત કરતા અશોકભાઈ નાંઢા



જૂનાગઢ, તા.૨૦

સરકારી સેવાઓનો લાભ લાભાર્થીઓને ઘર આંગણે મળી રહે તેમજ જન પ્રશ્નોનું સ્થળ પર જ નિરાકરણ લાવી શકાય તે માટે રાજ્ય સરકાર દ્વારા આજથી સેવાસેતુના ૧૦માં તબક્કાનો શુભારંભ થયો છે. જે અંતર્ગત આજરોજ કેશોદ તાલુકા નગરપાલીકા ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં કેશોદ ગામના વતની અશોકભાઈ નાંઢાને સરકારશ્રીની આયુષ્યમાન કાર્ડ યોજનાનો લાભ મળ્યો હતો. ઘર આંગણે જ લાભ મળતા અશોકભાઈ નાંઢાએ આનંદ સાથે જણાવ્યું હતું કે, આજે સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત મને આયુષ્યમાન કાર્ડ મળ્યું છે. કાર્ડ કાઢવાની સમગ્ર પ્રક્રિયા દરમિયાન પણ મને સરકારી અધિકારીનો પણ ખૂબ જ સારો સહયોગ મળ્યો છે. આ કાર્ડ મળતા હવે મને મારા આરોગ્યની પહેલા જેટલી ચિંતા રહી નથી. ઘર આંગણે આ લાભ આપવા માટે અશોકભાઈએ સરકાર અને જિલ્લા વહીવટી તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, આજથી ૩૧ ઓક્ટોબર સુધી ચાલનારા આ સેવાસેતુ કાર્યક્રમમાં ૫૫ જેટલી વિવિધ સેવાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં લાભાર્થીઓને સ્થળ પર જ લાભ મળી રહે છે. સેવાસેતુ કાર્યક્રમનો જિલ્લાના વધુમાં વધુ લોકોને લાભ લેવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

# ‘સ્વચ્છતા હિ સેવા’ અભિયાન અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં ૧૪૨ ગામોમાં યોગ શિબિર યોજાઈ



જૂનાગઢ તા.૨૦

દેશમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતતા કેળવાઈ તે માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સ્વચ્છતા અભિયાનનો એક દશક પૂર્વે પ્રારંભ કરાવ્યો હતો. નાગરિકો સ્વચ્છતાની મહત્તા સમજી સ્વચ્છતાને જીવન મંત્ર બનાવે તેવા ઉમદા આશયથી તા.૩૧ ઓકટોબર સુધી સ્વચ્છતા હિ સેવા અભિયાનનો શુભારંભ કરવામાં આવ્યો છે. આ અભિયાન અન્વયે જૂનાગઢ જિલ્લામાં વહીવટી તંત્ર દ્વારા વિવિધ ઓયોજન થકી સ્વચ્છ અને સુઘડ બનાવવા માટે સઘન કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જેને પગલે ગઈકાલે યોગ દ્વારા સ્વચ્છતા હિ સેવા અભિયાન અંતર્ગત ૧૪૨ જેટલા ગામોમાં યોગ શિબિર યોજવામાં આવી હતી. આ યોગ શિબિરમાં જૂનાગઢ જિલ્લામાં ૪૪૦૭ જેટલા શાળાના વિદ્યાર્થીઓએ તથા લોકોએ વિવિધ યોગ અને આસનો કર્યા હતા.

# જૂનાગઢ જિલ્લામાં ખરીફ ઋતુ ૨૦૨૪માં એગ્રીસ્ટેક પ્રોજેક્ટ અંતર્ગત ડિજિટલ ક્રોપ સર્વે અમલમાં

જૂનાગઢ તા.૨૦

ભારત સરકારશ્રી દ્વારા ડિજિટલ એગ્રીકલ્ચરના ભાગરૂપે **Agristack Project** અમલમાં મુકેલ છે. એગ્રીસ્ટેક પ્રોજેક્ટ અંતર્ગત મુખ્ય ત્રણ કામગીરી આવરી લેનાર છે (૧)ફાર્મર રજીસ્ટ્રી- જેમાં રાજયના તમામ ખેડૂતોનું રજીસ્ટ્રેશન કરવામાં આવશે અને તમામ ખેડૂતોને એક યુનિટ રજીસ્ટર્ડ આઈડી આપવામાં આવશે. (૨) જીઓ રેફરન્સિંગ મેપ- જેમાં દરેક ગામના રેફરન્સિંગ મેપ તૈયાર કરવામાં આવશે. જેમાં મહેસુલ વિભાગ દ્વારા કામગીરી પ્રગતીમાં છે. (૩)ડીજીટલ ક્રોપ સર્વે- જેમાં મોબાઈલ એપ્લિકેશન દ્વારા **Geo-Tagging** ફોટો સાથે વાવેતર કરેલ પાકોની વિગતો એકત્રિત કરવાની હોય છે. ભારત સરકારશ્રીની સૂચના મુજબ ખરીફ ૨૦૨૪ AGRISTACK PROJECT- DIGITAL CROP SURVEY સંપૂર્ણ ગુજરાત રાજયમાં અમલમાં મુકવામાં આવેલ છે. આ એગ્રીસ્ટેક ડિજિટલ ક્રોપ સર્વે પ્રોજેક્ટમાં મહેસુલ વિભાગ, પંચાયત વિભાગ, ખેતીવાડી વિભાગ, બાગાયત વિભાગ, લેન્ડ રેકર્ડ વિભાગ વગેરે વિભાગોનું ક્રોપ સર્વે પ્રોજેક્ટમાં સપ્રમાણ પ્રતિનિધિત્વ જળવાઈ રહે અનુસાર કામગીરી કરવાની થાય છે. યોજના અંતર્ગત જિલ્લાના દરેક જમીન ખાતા નંબરના તમામ સર્વે નંબરનું ભારત સરકારશ્રી દ્વારા તૈયાર કરવામાં આવેલ મોબાઈલ એપ્લિકેશન દ્વારા **Geo-Tagging** ફોટો સાથે વાવેતર કરેલ પાકોની વિગતો એકત્રિત કરવામાં આવી રહેલ છે, આ સર્વે માટે VLE,VCE કે અન્ય ગામના ટેકનોલોજીના જાણકાર યુવાનોની ગામ વાર પસંદગી કરી તમામ ખેડૂતોનું ખેતર પર રૂબરૂ જઈ સર્વે કરવામાં આવી રહેલ છે. જૂનાગઢમાં ખરીફ ઋતુની આ કામગીરી ૧૬/૦૮/૨૦૨૪ થી શરૂ કરવામાં આવેલ છે અને આજની તારીખે જિલ્લામાં કુલ ૯૦૦૦૦ સર્વે નંબરનો સર્વે કરી જરૂરી ડેટા એકત્રીત કરવામાં આવેલ છે. તેમજ બાકીના સર્વે નંબરના સર્વેની કામગીરી પ્રગતિમાં છે. ડિજિટલ ક્રોપ સર્વે અંતર્ગત થયેલા ડેટા કમ્પાઈલેશનની મદદથી ભવિષ્યમાં ખેડૂતોને મદદરૂપ થાય તેવી કૃષિ લક્ષી ઘણી કામગીરી સરળ રહેશે. સદર આ ડેટાના માધ્યમથી રાજ્ય, જિલ્લા, તાલુકા વગેરેના થતા વિવિધ પાકોના એક્ચ્યુલ વાવેતરની પાકવાર વિગતો મેળવી શકાશે, જેને આધારે આયાત નિકાસ નીતિઓ તેમજ જે તે ખેતી પાકોના ઉત્પાદનના અંદાજો પણ મેળવી શકાશે.


ડિજિટલ ક્રોપ સર્વે એ પહાણી પત્રકને પણ ડિજિટલ બનાવવા તરફ સાંકળતી કળી છે. જે તૈયાર થતા આવનારા સમયમાં ખેડૂતોને પોતાના ખાતામાં પહાણી પત્રક (નમુના નં.૧૨) નાં દાખલા માટે તલાટી કમ મંત્રી કે ઈ-ગ્રામમાં જવાની જરૂરીયાત ઉપસ્થિત નહીં થાય અને ખેડૂતની જણસીની ખરીદી માટે રજીસ્ટ્રેશન પ્રક્રિયા સરળ બનશે અને ખેડૂતો પોતાની જણસી મુશ્કેલીઓ વગર વેચાણ કરી શકશે. ઉપરાંત આવતા દિવસોમાં આ ડિજિટલ ક્રોપ સર્વે દ્વારા એકત્રિત થયેલ માહિતીને ખેડૂતોનાં યુનિક રજીસ્ટ્રેશન આઈડી સાથે લિંક થતા ખેડૂતોને પાક ધિરાણ અને લોન મેળવવા તેમજ બેંકની અન્ય કામગીરી માટે દાખલાઓ અલગથી કઢાવવાની ઝંજટમાંથી મુક્તિ મળશે. ફાર્મર રજીસ્ટ્રી દ્વારા ખેડૂતોને રોગ જીવાત સામે લેવાના થતા પગલાં મોનસુન આધારીત વિવિધ ચેતવણીને અનુલક્ષીને ખેડૂતોએ અપનાવવાના થતા આગોતરા પગલાં, ખેતીમાં થતા વિવિધ પાકોની જાત તેમજ પાક સંરક્ષણને લગતા સંશોધનો વગેરેની માહિતી પણ ડાયરેક્ટ મેસેજ ના માધ્યમથી આપી શકાશે. આ ડિજિટલ ક્રોપ સર્વે માટે જિલ્લા કક્ષાએ માન.કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને સ્થપાયેલ સમિતિ સમગ્ર સર્વે કામગીરીની અમલવારી તથા મોનિટરિંગ કરી રહેલ છે. જ્યારે તાલુકા કક્ષાએ પ્રાંત અધિકારીના અધ્યક્ષ સ્થાને કામગીરીની સમીક્ષા અને મોનિટરિંગ થાય છે. ઉપરાંત સમગ્ર કામગીરીને દેખરેખ તથા સંચાલન જિલ્લા કક્ષાએ નાયબ ખેતીવાડી નિયામક વિસ્તરણ જૂનાગઢ અને તેની કચેરી દ્વારા કરવામાં આવી રહેલ છે. આમ એગ્રીસ્ટેટ ડિજિટલ ક્રોપ સર્વે એ ભવિષ્યમાં ઉપયોગી થનાર ખૂબ જ અગત્યનો પ્રોજેક્ટ છે જે રાજ્યમાં ડિજિટલ માટે ખૂબ જ અગત્યનો ભાગ ભજવશે. તેમ નાયબ ખેતીવાડી નિયામક (વિસ્તરણ)ની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# ઉના તાલુકાના સનખડા ગામે જાફરાબાદના યુવાનનું નદીમાં ડૂબી જવાથી મોત

ઉના તા. ૨૦

ઉના તાલુકાના સનખડા ગામે ભાદરવી પૂનમનો મેળો ભરાતો હોય તેમાં જાફરાબાદના યુવાન જયદીપ મોહનભાઈ વાઘેલા (ઉ.વ.૨૦) સનખડાના મિત્રો જાફરાબાદ અભ્યાસ કરવા આવતા હોય મિત્રોને મળવા અને મેળો કરવા આવેલ અને મેળો માણ્યા પછી સનખડા ગામની સીમમાં રાવલ નદી અને માલણ નદી ભેગી થતી હોય ત્યાં મિત્રો સાથે નદીમાં ન્હાવા પડેલા અને દરમ્યાન જયદીપ નદીમાં ઊંડા ખાડામાં ગરકાવ થઈ જતાં અને નદીમાં પાણીનું વહેણ ખુબ હોય લોકોએ સ્થાનિક તરવૈયાને બોલાવેલ તેમજ ઊનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ, મામલતદાર સ્થળ ઉપર પહોંચી ગયા હતા અને એન.ડી.આર.એફ.ની ટીમ અને સ્થાનિક તરવૈયાની ટીમે બે કલાકની મહેનતથી પાણીની બહાર યુવાનને બહાર કાઢી બેભાન હાલતમાં હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો હતો. જ્યાં ડોકટરે પાણીમાં ડૂબી જવાથી યુવાન જયદીપનું મૃત્યુ થયાનું જાહેર કરેલ હતું. જાફરાબાદ તેમના પરિવારને જાણ કરતા તુરંત પહોંચી ગયા હતા અને જયદીપના મૃત્યુથી સમગ્ર સનખડા ગામલોકો પણ શોકમાં ડૂબી ગયા હતા.

# જૂનાગઢ માં માંડાવડ પ્રાથમીક શાળા ખાતે યોજાયેલ રેલીમાં અપાયો “સ્વચ્છતા હી સેવા”નો સંદેશ



જૂનાગઢ તા.૨૦

સ્વચ્છ ભારત મિશન ગ્રામીણના ઉપક્રમે ‘સ્વચ્છતા હી સેવા -૨૦૨૪’ અંતર્ગત ગઈકાલે માંડાવડ પ્રાથમીક શાળા ખાતે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જૂનાગઢના વિસાવદર તાલુકાની માંડાવડ પ્રાથમીક શાળા ખાતે સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ અંતર્ગત સ્વચ્છતાની વિદ્યાર્થીને જાણકારી આપવામાં આવી હતી. ઘર, સોસાયટી, ઓફીસ, વ્યવસાયના સ્થળો, જાહેર સ્થળોને સ્વચ્છ રાખવાથી સ્વસ્થ સમાજનું નિર્માણ કરી શકાય છે. આથી દરેક નાગરિકો સ્વચ્છતાને પણ રોજીંદી ક્રિયાનો ભાગ બનાવી, પોતાની આસપાસ સ્વચ્છતા જાળવે તે માટે ખાસ અનુરોધ કરી ‘‘સ્વચ્છતા હી સેવા’’નો સંદેશ આપ્યો હતો. અને પ્લાસ્ટિકનો ઓછો વપરાશ અંગે માહિતગારા કરી સૂત્રોચ્ચાર કરી રેલી યોજી હતી. અને સામુહિક શપથ પણ લેવડાવવામાં આવ્યા હતા.

# સરકારી કર્મીઓના માસિક પેન્શનની રકમમાં વધારો કરી આયુષ્યમાન ભારતનો લાભ આપવા માંગ કરી



## વેરાવળ પ્રાંત કચેરીએ બીએમએસ દ્વારા ધરણા પ્રદર્શન યોજી વિરોધ દર્શાવી આવેદનપત્ર પાઠવ્યુ


(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૦

સરકારી કર્મચારીઓના ન્યૂનતમ માસિક પેન્શનની રકમમાં વધારો કરવાની તથા મોંઘવારી ભથ્થાને જોડીને પેન્શન આપવાની માંગ સાથે વેરાવળ પ્રાંત અધિકારીને ભારતીય મઝદુર સંઘ દ્વારા આવેદનપત્ર પાઠવી માંગણી કરવામાં આવી છે. આ માંગ ૧૯૯૫ થી થઈ રહી હોવા છતાં સરકાર ધ્યાન ન આપતી હોય તેનું નિરાકરણ નહીં આવે તો આંદોલન કરવાની ફરજ પડશે તેવી ચિમકી ઉચ્ચારી છે.

વેરાવળમાં ભારતીય મઝદુર સંઘના જીલ્લા મંત્રી કરશન કટારીયા, પ્રદેશ મંત્રી નાના ગીરધર પાટીલના નેતૃત્વમાં સરકારી કર્મચારીઓએ આજે વેરાવળ નાયબ કલેક્ટર કચેરી ખાતે સૂત્રોચ્ચાર પોકારી ધરણાં પ્રદર્શન યોજી વિરોધ દર્શાવ્યો હતો. બાદમાં પ્રાંત અધિકારી મારફતે પ્રધાનમંત્રીને આવેદનપત્ર પાઠવ્યું હતુ. જેમાં જણાવ્યા મુજબ બીએમએસ દ્વારા પેન્શનની ન્યૂનતમ માસિક રકમમાં વધારો કરવા સને.૧૯૯૫ થી સતત રજૂઆતો કરવા છતાં કેન્દ્ર સરકાર દ્વારા યોગ્ય ઉકેલ લાવવામાં આવતો નથી. સરકારી કર્મચારી પેન્શન યોજના (EPS) ૧૯૯૫ હેઠળ ચૂકવવાપાત્ર લઘુત્તમ પેન્શનની રકમ પ્રતિમાસ રૂ.૧ હજારથી વધારીને રૂ.૫ હજાર કરવી જોઈએ. કર્મચારી પેન્શન (EPS) ૧૯૯૫ ની રકમને મોંઘવારી ભથ્થા સાથે ઉમેરીને ચૂકવવી જોઈએ અને આવા તમામ પેન્શન ધારકોને "આયુષ્માન ભારત યોજના"નો લાભ આપવો જોઈએ તેવી અમારી પ્રમુખ માંગો હોવાનું અંતમાં જણાવ્યું છે.

# કલેકટર અનિલકુમાર રાણાવસિયાના અધ્યક્ષતા હેઠળ ગરીબ કલ્યાણમેળાના આયોજનની બેઠક યોજાઈ



## ૨૭મી સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ કૃષિ યુનિવર્સિટીના સરદાર પટેલ સભાખંડ જૂનાગઢ ખાતે ગરીબ કલ્યાણમેળો યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૯

૨૭મી સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ કૃષિ યુનિવર્સિટીના સરદાર પટેલ સભાખંડ ખાતે યોજાનારા ગરીબ કલ્યાણ મેળા અંગે કલેકટર અનિલકુમાર રાણાવસિયાની અધ્યક્ષતા હેઠળ ગરીબ કલ્યાણમેળાના પૂર્વ આયોજન માટેની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ અધિકારીઓને સૂચના આપતાં જણાવ્યું કે, સરકારની વિવિધ પ્રજા કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓને તેમના લાભો સરળતાથી મળે તે માટે માઈક્રોપ્લાનિંગ કરી તે પ્રમાણે કામગીરી કરીએ. તેમણે કહ્યું કે, આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં આવતા આયુષ્યમાન કાર્ડ ઉપરાંત પુરવઠા વિભાગની ઉજજવલા યોજના અને અન્નપૂર્ણા યોજનાના લાભાર્થીઓને મહત્તમ લાભો આપી માનવ સેવાનું ઉત્તમ કામ કરીએ. ઉદ્યોગ અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની યોજનાઓમાં માનવ કલ્યાણ યોજના અને માનવ ગરિમા યોજના, કુંવરબાઈનું મામેરૂ, સમાજ સુરક્ષા માટે દિવ્યાંગોને લગતી યોજનાઓ, ખેડૂતો અને પશુપાલકોને લગતી ખેતીવાડી અને પશુપાલન ખાતાની યોજનાઓ સહિત વિવિધ વ્યક્તિલક્ષી યોજનાઓના લાભાર્થીઓને આપવામાં આવનાર લાભો અને સહાય કીટના વિતરણ અંગે તંત્ર કરવામાં કરવામાં આવેલ તૈયારીઓની સમીક્ષા કરી કાર્યક્રમ અંગે જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપવામાં આવી હતી. આ બેઠકમાં નિવાસી અધિક કલેકટર એન.એફ.ચૌધરી, જિલ્લા વિકાસ અધિકારી નિતીન સાંગવાન, DRDA નિયામક પી.એ.જાડેજા, નાયબ કમિશનર અજય ઝાંપડા, જૂનાગઢ પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલ સહિત તમામ સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કેશોદ શહેરી વિસ્તારનો ૧૦માં તબક્કાનો સેવાસેતુ કાર્યક્રમ નગરપાલિકા કચેરીમાં યોજાયો



(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૨૦

નાગરિકોને વિવિધ સરકારી યોજનાઓના લાભ ઝડપથી તકલીફ વિના પ્રાપ્ત થાય અને તેમના પ્રશ્નોનું સ્થાનિક સ્તરે તાકીદે નિવારણ થાય તેવા આશયથી ગુજરાત સરકારે સેવાસેતુ કાર્યક્રમ શરૂ કર્યો છે. સરકારશ્રીની તમામ યોજનાઓનો લાભ અને સહાય અંગેની નાગરિકોની વ્યકિતગત રજૂઆતો સાથે અરજીઓનો સ્થળ પર જ નિકાલ માટે ૧૦માં તબક્કાનો સેવાસેતુ કાર્યક્રમ કેશોદ નગરપાલિકા કચેરીમાં યોજાયો હતો. કેશોદના નાયબ કલેકટર વંદના મીણા, ધારાસભ્ય દેવાભાઈ માલમ, મામલતદાર સંદીપ મહેતા નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ગોંડલીયા ચીફ ઓફિસર મેહુલ વાઘેલા ઓફિસ સુપ્રિટેન્ડન્ટ પ્રવિણભાઈ વિઠ્ઠલાણી સહિત પદાધિકારીઓ અધિકારીઓ અને આગેવાનની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરી સેવા સેતુ કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. પારદર્શી પ્રશાસન માટે કટિબધ્ધ સરકાર ધ્વારા પ્રજાની લાગણી, માગણી અને અપેક્ષાઓ પૂર્ણ કરવા ૧૦માં તબક્કાનો સેવાસેતુ કાર્યક્રમ કેશોદ શહેરી વિસ્તારમાં નગરપાલિકા કચેરીમાં યોજાયો છે જેમાં સરકારની અનેકવિધ યોજનાઓનો લાભ સૌ જરૂરીયાતમંદ સુધી પહોચે અને ગરીબ પરિવારોને સરકારી કચેરીઓના ધક્કા ન ખાવા પડે તે માટે સેવાસેતુ કાર્યક્રમ યોજવામાં આવેલ છે. અભિયાન સ્વરૂપે કામગીરીને અગ્રિમતા આપી સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત વહીવટીતંત્ર સામે ચાલીને જે-તે ક્લસ્ટરમાં સમાવિષ્ટ નિયમિત અંતરાલે આવક, જાતિ, ક્રીમી લેયર રાશન કાર્ડ, વિધવા સહાય, જનધન ખાતા આધાર કાર્ડ સહિતના પ્રમાણપત્ર કાઢવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. સુવિધાઓ અંગેની રજૂઆતોનો ઉકેલ લાવવા સમાજના તમામ વર્ગો માટે રાજ્ય સરકારે યોજનાઓ બનાવી છે ત્યારે સેવાસેતુ જેવા કાર્યક્રમના માધ્યમથી લાભ લેવા અધિકારીઓ કર્મચારીઓ દ્વારા હકારાત્મક અભિગમ અપનાવવામાં આવ્યો હતો. કેશોદ નગરપાલિકા વિસ્તારમાં બીજો સેવાસેતુ કાર્યક્રમ આગામી તારીખ ૧૭/૧૦/૨૦૨૪ના રોજ યોજાશે. રાજ્ય સરકાર ની વિવિધ કચેરીના અધિકારીઓ કર્મચારીઓ રાષ્ટ્રીયકૃત બેક સહિત આરોગ્ય વિભાગ ના અધિકારીઓ કર્મચારીઓ ઉપસ્થિત રહી અરજદારોના વહીવટી કામોનો નિકાલ કર્યો હતો.

# ભારતીય જનતા મજદુર સેલના વિવિધ પદાધિકારીઓની નિમણુંક





જૂનાગઢ, તા.૨૦

અમદાવાદ ખાતે ગત રવિવારે ભારતીય જનતા મજદુર સેલની એક સમાન્ય બેઠકમાં ગુજરાત રાજયના પદાધિકારીઓની નિમણુંક કરવામાં આવી જેમાં પ્રમુખ તરીકે વિરાટ ગઢવી (રાજૈયા) સંગઠન મંત્રી વનરાજસિંહ ચૌહાણ તેમજ ઉપપ્રમુખ તરીકે મયુર ગઢવી, કુલદિપસિંહ ગોહીલ, જયેશ ચૌહાણ, ડો.અબ્દુલ કાદરી તેમજ દરેક જીલ્લાના અધિકારીની નિમણુંક કરવામાં આવેલ. આ વિષય ઉપર વાત કરતા પ્રમુખ વિરાટ ગઢવીએ જણાવેલ કે બીજેએમસી ગુજરાત રાજયના નાનામાં નાના ગામ સુધી પહોંચી મજદુરને મળતી સહાય પુરી પાડવામાં મદદરૂપ બનશે.

# સોમનાથ મંદિરના પુર્વ શરણાઈ વાદક નથુભાઈ મકવાણાનું રાજયપાલના હસ્તે સન્માન



(પ્રતિનિધી દ્વારા)

પ્ર.પાટણ તા.૨૦

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિરના પુર્વ શરણાઈ વાદક નથુભાઈ કાનજીભાઈ મકવાણાનું ગુજરાતના રાજયપાલના વરદ હસ્તે સન્માન અમદાવાદ ખાતે કરાયું. સંસ્કાર ભારતી ગુજરાત દ્વારા વિવિધ ક્ષેત્રના ઉત્કૃષ્ટ કલાકારોની કલા બિરદાવવા યોજાયેલ આ કાર્યક્રમમાં તેમને પ્રમાણપત્ર-શાલ ઓઢાડી અને રોકડ પુરસ્કારથી નવાજી ગુજરાતના કલા ગૌરવ તરીકે સન્માનિત કરાયા હતા. સોમનાથ મંદિરમાં તેઓની ત્રીજી પેઢી પુત્ર મુકેશ મકવાણા આજેય સોમનાથ મંદિરની સાયં-મધ્યાહન-પ્રભાત આરતીમાં સુરીલી શરણાઈ વગાડી શિવ આદ્ય આરાધના કરે છે. સોમનાથ ટ્રસ્ટમાં વય મર્યાદા નિવૃતી હોય જેથી તેઓ ૨૦૧૪માં નિવૃત થયા.

# ખંભાળિયા કેશોદ ગામે આવળ ધામ ખાતે આકર્ષક એલ.ઈ.ડી. બોર્ડ લગાવાયું




(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૦

ખંભાળિયા તાલુકાના કેશોદ ગામે શ્રી આવળ ધામ ખાતે સ્થાનિક ગ્રામ પંચાયત તેમજ કાર્યકરો દ્વારા ૭૦૦ જેટલી એલ.ઈ.ડી. લાઈટ સાથે ૧૯૩-૪૧ ની વિશાળ સાઈઝનું આકર્ષક બોર્ડ લગાવવામાં આવ્યું છે. સેલ્ફી પોઈન્ટ સાથેના આ લાઈટિંગ બોર્ડથી આવળ ધામના આકર્ષણમાં વધારો થયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે આદર્શ ગામ કેશોદમાં થયેલી વિવિધ સેવાકીય તેમજ વિકાસને લગતી પ્રવૃત્તિના કારણે ગામને રાજ્ય કક્ષાએ તેમજ રાષ્ટ્ર કક્ષાએ કેશોદને અનેક એવોર્ડ મળ્યા છે. જે માટે ગ્રામ પંચાયતના મહિલા સરપંચ રંજનબેન કશ્યપભાઈ આહીર તેમજ તેમની ટીમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

# ખંભાળિયામાં થયેલી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો : મુદ્દામાલ સાથે આરોપીને દબોચી લેતી એલસીબી પોલીસ



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૦

ખંભાળિયામાં ચારેક દિવસ પૂર્વે એક મહિલાના રહેણાંક મકાનમાં થયેલી ચોરી પ્રકરણમાં એલસીબી પોલીસે તાકીદની કાર્યવાહી કરી, અહીંના એક શખ્સને મુદામાલ સાથે ઝડપી લીધો હતો.

ખંભાળિયાના રામનગર વિસ્તારમાં મેરાજ પાર્ક - ૧ ખાતે રહેતા જાયદાબેન સિકંદરભાઈ જુણેજા નામના એક મહિલાના રહેણાંક મકાનમાં ચારેક દિવસ પૂર્વે ઈદના રોજ કોઈ તસ્કરોએ ખાતર પાડી, રોકડ તેમજ સોનાના દાગીના મળી, કુલ રૂપિયા ૧.૫૫ લાખની મુદ્દામાલની ચોરી થવા સબબ અહીંના પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. ચોરીના આ પ્રકરણ સંદર્ભે દેવભૂમિ દ્વારકા જિલ્લા એલ.સી.બી. પોલીસ દ્વારા પી.આઈ. કે.કે. ગોહિલ તેમજ તેમની ટીમ દ્વારા વર્કઆઉટ કરી અને જુદા જુદા વિસ્તારમાં રહેલા સીસીટીવી કેમેરા ચેક કરી, વિવિધ દિશાઓમાં તપાસ આરંભવામાં આવી હતી. જેને અનુલક્ષીને એલ.સી.બી.ના એ.એસ.આઈ. અરજણભાઈ ચંદ્રવાડીયા, સજુભા જાડેજા તથા ખીમાભાઈ કરમુરને મળેલી ચોક્કસ બાતમીના આધારે અહીંના વોકળા શેરી વિસ્તારમાં રહેતા ફરમાન ઈમરાન નથુભાઈ બ્લોચ નામના ૧૯ વર્ષના શખ્સને દબોચી લઈ, તેની આગવી ઢબે પૂછપરછ કરતા તેના દ્વારા રામનગર, મેરાજ પાર્કમાં ઉપરોક્ત મહિલાના ઘરમાં ચોરી કર્યાની કબુલાત પોલીસ સમક્ષ આપી હતી. આથી પોલીસે ઉપરોક્ત શખ્સ પાસેથી ચોરી કરીને લીધેલી બે બંગડી, પેન્ડલ, ચેઈન તેમજ રૂ. ૧૭,૦૦૦ રોકડા અને એક મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૧,૫૯,૨૩૮ નો મુદ્દામાલ કબજે કરી, વધુ તપાસ અર્થે આરોપીનો કબજો ખંભાળિયા પોલીસને આપવામાં આવ્યો છે. સમગ્ર કાર્યવાહી એલ.સી.બી. પી.આઈ. ગોહિલના વડપણ હેઠળ પી.એસ.આઈ. આકાશ બારસિયા, એસ.એસ. ચૌહાણ, પી.જે. ખાંટ, એસ.વી. કાંબલીયા, એ.એસ.આઈ. અરજણભાઈ ચંદ્રવાડીયા, સજુભા જાડેજા, હરપાલસિંહ જાડેજા, અજીતભાઈ બારોટ, વિપુલભાઈ ડાંગર, ખીમાભાઈ કરમુર, સહદેવસિંહ જાડેજા, ગોવિંદભાઈ કરમુર, સચીનભાઈ, ક્રિપાલસિંહ અને વિશ્વદિપસિંહ દ્વારા કરવામાં આવી હતી.

# સાઉદી અરેબિયા અને યુ.એ.ઈ.ની પેલેસ્ટાઈનને આઝાદ દેશ બનાવી જેરૂસેલામને તેની રાજધાની બનાવવાની ચોંકવાનારી માંગણી !?

## ઈઝરાઈલ-હમાસ યુધ્ધમાં સાઉદી અરબ-યુ.એ.ઈ.ની એન્ટ્રી એ સીઝ ફાયર ની જગ્યા એ સી-ફાયર ની પરિસ્થિતિ બનાવી?!




## વિશ્વ ફલક પર એકલું અટલું પડતું ઈઝરાઈલ? : મુસ્લીમ અને આરબ દેશો હમાસ-ઇઝરાલ યુદ્ધ મુદે નજીક આવ્યા?

(સુરેશચંદ્ર ધોકાઈ દ્વારા)

ઓખા તા.૨૦

રશિયા-યુક્રેન વચ્ચે ચાલતાં યુધ્ધ વચ્ચે વિશ્વ ને વધુ એક યુદ્ધ ની ભેટ મીડલ ઈસ્ટ મા પેલેસ્ટાઈન માથી હમાસ દ્વારા ઈઝરાઈલ પર કરાયેલ તારીખ ૦૭.૧૦.૨૦૨૩ ના ઓચિંતા હવાઈ હુમલા એ વિશ્વ ની રાજકીય શતરંજ પર ના પાસા બદલી નાખેલ અને આ યુદ્ધ અગાઉ ના આવાર નવાર આ મોરચે થતાં ટૂંકા સમય ના યુદ્ધ જેવું માનતા વિશ્વ ને ગત તારીખ ૧૭.૦૯.૨૦૨૪ ના રોજ અગાઉના વેપન (હથિયારથી) લડાતા યુધ્ધ ને એક નવી મોડ ઓપરેન્ડી ઈલેક્ટ્રોનિક ડીવાઈસ પેજર પર ઈલેક્ટ્રો મેગ્નેટિક વેવ્સ (ઈલેકિટ્રક તરંગો) દ્વારા ઓચિંતો હુમલો કરી વિશ્વ ને ચોંકવ્યા બાદ તારીખ ૧૮.૦૭.૨૪ ના ફરી ઈલેક્ટ્રોનિક ડીવાઈસ વોકી ટોકી પર પણ આજ ઓપરેન્ડી થી હુમલો કરી વિશ્વ ને સાયબર વોર માં ફોડ ના સ્થાને સાયબર કોડ (સિક્રેટ કોડ) ના ઉપયોગ દ્વારા તેમાં ઉપયોગ મા લેવાતી લીથિયમ બેટરી મા બ્લાસ્ટ કરી વિશ્વ માં હાહાકાર મચાવ્યા બાદ યુરોપ અમેરિકા સહિત ના દેશો આ યુદ્ધ વિશ્વ યુદ્ધ તરફ આગળ વધતું અટકાવવા ના પગલાં તરીકે ઈઝરાયલ ને હથિયારો ના વેચાણ અટકાવવા તરફ સહમતી સાધી વિશ્વ શાંતી ના પ્રયાસો મા લાગેલ છે. ત્યારે આજે આજ દિવસ સુધી હિઝાબુલ્લા ને સમર્થન આપતા યમન ના વિદ્રોહીઓ ગણાતા હુટી બાદ હવે યમન ના શાશકો પણ ખુલ્લી ને હિઝાબુલ્લા ની તરફેણ માં આ યુદ્ધ માં જોડાયેલા હોય તેમ આજે યમન પર થી ઈઝરાઈલ પર મિસાઈલ હુમલો કરતાં હવે આ યુદ્ધ વિશ્વ યુદ્ધ તરફ જતું હોવાનું નકારી શકાતું નથી. ત્યારે જ બહાર આવેલ હકીકતો પ્રમાણે આજ દિવસ સુધી આ પેલેસ્ટાઈન-ઈઝરાઈલ ના ઝગડા થી દૂર રહેલા આરબ દેશો સાઉદી અરેબિયા અને યુ.એ.ઈ. એ પેલેસ્ટાઈન ને આઝાદ દેશ જાહેર કરવો અને જેરૂસેલામ ને તેની રાજધાની કેપિટલ જાહેર કરવાની માંગણી એ ફરી ને વિશ્વ ને વધુ એક આંચકો આપ્યો છે કારણ કે ૭૦૦-૮૦૦ વર્ષ થી જેરૂસેલામ ક્રિશ્ચન-યહુદિ-પારસી-મુસ્લિમો માટે નું પવિત્ર સ્થળ રહેલ છે અને તે કારણે આટલા વર્ષો થી તેના માટે આ બધા વચ્ચે લડાઈ થતી જ રહે છે અને જે જીતે તેનુ તે પવિત્ર સ્થળ બની રહેલ છે. ત્યારે આ આટલા જુના વર્ષો ની દરેકો ની માંગણી વચ્ચે આ આરબ રાષ્ટ્રો ની નવી માંગણી એ વિશ્વ ને આશ્ચર્ય મા મૂક્યા નું નકારી શકાતું નથી કારણ કે હજારો વર્ષો નો ઈતિહાસ કહે છે મુસ્લિમો અને આરબો ને ધર્મ ના સિદ્ધાંતો ના ભેદભાવે બનતું નથી અને તે કારણે છેલ્લા એક વર્ષ થી ચાલતાં આ હમાસ-ઈઝરાઈલ યુદ્ધ વચ્ચે મુસ્લિમ દેશો લેબેનોન, સિરિયા, યમન,ઈરાન વગેરે હમાસ ના સમર્થન મા રહયા છે. જ્યારે યુરોપ ના દેશો,નાટો ના સભ્ય દેશો,અમેરીકા ઈઝરાઈલ ના સમર્થન મા રહ્યાં છે પણ આરબ રાષ્ટ્રો કોઈ ના સમર્થન મા રહયા નથી. ત્યારે તેમની આ માંગણી મીડલ ઈસ્ટ માં સીઝ ફાયર થવા ના બદલે મીડલ ઈસ્ટ નો સમુદ્ર સી-ફાયર

# માંગરોળ એસટી ડેપો ખાતે સ્વચ્છતા અભિયાન યોજાયું



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૦

માંગરોળ ડેપો ખાતે સ્વચ્છતા હી સેવા-૨૦૨૪ના ‘સ્વભાવ સ્વચ્છતા સંસ્કાર સ્વચ્છતા’ કાર્યક્રમ અંતર્ગત માંગરોળ મતવિસ્તારના ધારાસભ્ય શ્રી ભગવાનજીભાઈ કરગઠિયાના પ્રતિનિધિ શ્રી પુંજાભાઈ બારૈયા તેમજ શહેર ભાજપ પ્રમુખ લિનેશભાઈ સોમૈયા તેમજ તેની ભારતીય જનતા પાર્ટી માંગરોળ તાલુકા અને માંગરોળ શહેરની ટીમ અત્રેના માંગરોળ ડેપો ખાતે આવી અને આ અભિયાનમાં તેઓએ ભાગ લઈ અને સ્વચ્છતા કરેલ હતી. સ્વચ્છતા અંગેના સંકલ્પ શપથ લીધેલ હતા. આ તકે માંગરોળ ડેપો ખાતે માંગરોળ ડેપોના લાયજનીંગ અધિકારી તરીકે એ.એલ. શામળા-કચેરી અધિક્ષક, ચેતનભાઈ કામરીયા એટીઆઈ માંગરોળ, કલ્પેશભાઈ શામળા એટીઆઈ માંગરોળ અને માંગરોળ ડેપોના હેડ મેકેનિક શ્રી રામભાઈ ચાવડાએ આ કાર્યક્રમ કરવા માટે ભારે જહેમત ઉઠાવેલ હતી.


**CHANGE OF NAME**

I have changed my name from JADA MO. IQBAL MUSABHAI to JADA IQBAL MUSA. Now I would be known as JADA IQBAL MUSA

JADA IQBAL MUSA
MANGROL, JUNAGADH, GUJARAT

